R.N.I. No. 14593/1957

# પગદંડી

PAGDANDI

તંત્રીઓ : અશ્વિન માલદે ❋ શાંતિ રાંભિયા ❋ ચંદ્રકાન્ત નંદુ

Vol. 62 - Issue No. 11 - FEBRUARY - 2020 - Rs. 15/-



Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 2371 4674 / 2377 3032 Email : ksevasamaj@gmail.com

# પગદંડી

ફેબ્રુઆરી


## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં. |
|---|---|---|
| તંત્રી સ્થાનેથી | | |
| સમાજ પ્રગતીશીલ કે વિરોધાભાસી? | | ૫ |
| પ્રમુખશ્રીની કલમે | | |
| કચ્છી રમતોત્સવ-ગઈકાલ-આજ-આવતીકાલ | ડો. મંજુલા વી. શાહ | ૯ |
| પગદંડીને પત્ર | વાચકોના પત્ર | ૧૧ |
| પ્રતિભાવ - પ્રતિસાદ | | |
| રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી વિશેષાંક | કિશોર બોટાદરા | ૧૩ |
| ખુલાસો | ડૉ. ધીરજ છેડા | ૧૪ |
| લોકબિરાદરી પ્રકલ્પ | શાંતિલાલ ગઢિયા | ૧૫ |
| લોકો વાંચતા હતા, વાંચે છે અને વાંચશે | શાંતિલાલ ગઢિયા | ૧૫ |
| મનોવિશ્લેષણ | તલક શાહ | ૧૬ |
| પગદંડી-જાન્યુ ૨૦૨૦નો અંક | દિલીપભાઈ આચાર્ય/વિપુલ બી. જોષી | ૧૬ |
| પગમેં ભમરી- | લીલાધર માણેક ગડા | ૧૭ |
| વાડાઓમાં પુરાયેલો ધર્મ | | |
| એકતારો | ડૉ. ગિરીશ વીંછીવોરા | ૨૧ |
| ક.વિ.ઓ. સેવા સમાજ અને પગદંડીની પોણી | | |
| સદીની સમાજ કલ્યાણ યાત્રાનાં પદ્ચિહ્નો | પ્રવીણચંદ્ર શાહ | ૨૩ |
| Life's Alphabet – 'P'-for perverse | Dr. Dhiraj Chheda | ૨૬ |
| Youth Day | Nirali Sanjay Gada | ૨૭ |
| એક દીકરી માંગી જુઓ | સી.એ. સંજય વિસનજી છેડા | ૨૯ |
| આત્મહત્યા નિવારી શકાય છે | ડો. મણીલાલ ગડા/ડો. દિપ્તી શાહ (ગડા) | ૩૨ |
| પહેલ | લોપા ધરોડ (મારૂ) | ૩૪ |
| ઊર્મિલહર | સંપાદનઃ વિશન નાગડા | ૩૭ |
| વાત છે મારી-તારી-આપણી | | |
| 'અને પ્રભુ મરકયાં' | શાન્તા ધનજી ગાલા | ૪૧ |
| ક.વિ.ઓ. સેવા સમાજ - ૫૮મો શૈક્ષણિક સન્માન સમારંભ | અહેવાલ | ૪૨ |
| ક.વિ.ઓ. સેવા સમાજ - શ્રુત ગુણ ગૌરવ ઍવોર્ડ-૨૦૧૯ | અહેવાલ | ૪૫ |
| સેવા સમાજ અપડેટ | માનદ્ મંત્રીઓ | ૪૭ |
| સાંત્વન | | ૪૮ |



**પગદંડી કાર્યાલય - ૨૩૭૧ ૪૬૭૪ • ટેલીફેક્સ ૨૩૭૭ ૩૦૩૨**

Printed and published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters,** 42, Ideal Indl. Estate, Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai - 400 013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samaj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinchbunder, Mumbai 400 009. Editor: Aswin Popatlal Malde

## તંત્રીસ્થાનેથી

# સમાજ પ્રગતીશીલ કે વિરોધાભાસી?

આપણા સમાજ નો ૮૦ થી ૯૦ ટકા હિસ્સો, મુંબઈમાં વસવાટ કરે છે. પરંતુ મુંબઈ એક પંચરંગી પ્રજા ધરાવતું શહેર છે. ભારતના દરેક ખૂણેથી વ્યક્તિઓ આવીને મુંબઈ માં વસ્યા છે. મુંબઈને પોતાનું વતન બનાવ્યું છે. ઓળખ આપી છે. મુંબઈની લગભગ ૧.૫ કરોડની વસતિમાં આપણો હિસ્સો લગભગ ૧ ટકા જેટલો જ હશે પરંતુ આ એક ટકાએ મુંબઈમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. કચ્છી વિશા ઓશવાળ ક.વિ.ઓ. નું નામ દરેક સમાજમાં અને દરેક ક્ષેત્રમાં અદબથી લેવાય છે. મુંબઈનાં વાણી ની દુકાન થી ઓળખાતો આપણો સમાજ અત્યારે અત્ર તત્ર સર્વત્ર છે. અને આ અદબ આપણો સમાજ પ્રગતીશીલ હોવાનો માન્યતાને કારણે છે, દૂરંદેશી ધરાવતા સમાજ ને કારણે છે. પોતાના સમાજ માટે જે જરૂરીયાત હોય તે બધી પરિપૂર્ણ કરવા વાળા સમાજની છાપ ના કારણે છે.

કોઈ પણ સમાજની પ્રગતિ શીલતા એની પરિવર્તન સ્વીકારવાની ક્ષમતા ને કારણે હોય છે.

અને આપણા સમાજે લગભગ દરેક ક્ષેત્રમાં પરિવર્તન સહજ ભાવે સ્વીકારી લીધું છે.

લગ્નમાં સાદાઈ સ્વીકારાઈ છે. સ્વમાન લગ્ન આપણાજ સમાજમાં શકય છે.

સાદડી, પ્રાર્થના લગભગ વિસરાતા ચાલ્યા છે.

આંતરજ્ઞાતિય લગ્નો સ્વીકારતા થયા છે.

ગણી ગણાય નહીં એટલી સંસ્થાઓ દરેક વિષય અને દરેક પ્રકારની પ્રવૃતિમાં કાર્યરત.

શિક્ષણ આપણી રગરગમાં પ્રસરી ગયું છે. દરેક ક્ષેત્રમાં આપણા યુવાનો આગળ વધી રહ્યા છે.

શૈક્ષણિક ખર્ચ ક્ષેત્રે સમાજ લગભગ નચિંત બન્યો છે. દેશ તથા વિદેશ અભ્યાસ માટે દરેક પ્રકારની સગવડતા અને માગદર્શન ઉપલબ્ધ છે.

સંજીવની જેવી યોજના ૨૫ વર્ષથી ચાલી રહી છે.

પગદંડી જેવું વિચારવંત માસિક છેલ્લા ૭૦ વર્ષથી વંચાઈ રહ્યું છે.

ભિન્ન મત મહદ્ અંશે સ્વીકારાય છે.

રહેઠાણ યોજનાઓ આપણા સમાજની શાન છે. રમતગતમની હરીફાઈઓ ૫૦ વર્ષથી યોજાઈ રહી છે.

ક્રિકેટ ટુર્નામેન્ટ અને અન્ય હરીફાઈઓની વણજાર છે.

દરેક ધાર્મિક અને હવા ખાવાના સ્થળોએ આપણા અતિથિગૃહો છે.

સ્વસ્થ સમાજ અને તંદુરસ્ત સમાજ માટે કાર્યરત છે.

અને સૌથી શિરમોર સમી ખબરપત્રિકા છે.

અને આ લીસ્ટ લાંબું છે. હજું ઘણું ઉમેરી શકાય. પરંતુ ક્યારે વિચાર આવે છે. આપણે આપણી છાપ છે. એટલા પ્રગતી શીલ છીએ ખરા અથવા તો સમાજનો કેટલો હિસ્સો પરિવર્તન શીલ છે.

વિચાર કરવો ઘટે

* વર્ષો પહેલા આપણે સાદડી પ્રથાને તિલાંજલિ આપી પ્રાર્થના સભા ને સ્વીકારી. પ્રાર્થના સભામાં પરિવર્તન માટે પણ ચર્ચાઓ થઈ. પગદંડીનો વિશેષ અંક બહાર પાડયો. આશ્વાસન પત્ર નો પ્રચાર થયો અને આજે લગભગ ૮૦ ટકા મરણ ખબરમાં પ્રાથના રાખેલ નથી, એવું વાંચવા મળે છે. પરંતુ આ પ્રાથના અને સાદડી પ્રથા ના ત્યાગની લાયમાં આપણએ આ પ્રથાઓ પાછળની ભાવના અને જરૂરીયાત ભુલી ગયા છીએ એવું લાગી રહ્યું છે. મૃત્યુ નો મલાજો જાળવવો જરૂરી છે. લૌકીક વ્યવહાર બંધ છે. ઘરે આવવાની તસ્દી લેવી નહી. કોઈએ શોક પાળવો નહી. વગેરે દરેક વખતે જરૂરી નથી હોતું ક્યારેક સાથ, સહવાસ, સાત્વના અને હૂંફની જરૂરીયાત પણ હોય છે. પ્રાથના સભા શ્રધ્ધાંજલી સભા કે પછી શોક સભા જો તમે આર્થિક રીતે સંપન્ન છે. એવું દર્શાવવું હોય તો યોગી સભાગૃહમાં જરૂરી છે. હાજરી પણ એવા સ્થળો એજ જોવા મળે બાકી હવે ચીલાચલુ સ્થળો એ પ્રાથના એટલી તમારી નબળાઈનું પ્રતીક. હાજરી પણ કયારેક ન થાય. તમો આર્થિક રીતે સંપન્ન હો અને તમારા કુટુંબમાં મરણ પછી પચીસ-પચાસ પત્રિકામાં શ્રધ્દાંજલી ની જાહેરાતો ન મેળવી શકો તો તમારી સંપન્નતા શું કામની.

* લગ્ન માટે, સગાઈ માટે સંખ્યાના ઠરાવો થયા છે ખર્ચની વહેંચણી ની ટહેલ વારંવાર નખાય છે. સ્વીકારનારા ને અભિનંદન પણ અપાય છે. પરંતુ સાદાઈ ભર્યા લગ્ન નામશેષ થતા જાય છે. સ્વમાન લગ્નનું આયોજન ઘણી બધી સંસ્થાઓ દ્વારા થઈ રહ્યું છે. અને સ્વીકારાતા પણ જાય છે. પરંતુ ઝાકમઝાળ લગ્નોનું પ્રમાણ નિરંતર વધતું જાય છે. લગ્નની આગળ ના અને પાછળ ના પ્રસંગોની સંખ્યા નિરંતર વધતી જાય છે. સગપણની સમસ્યા ચરમ સીમા પર છે. હાલની વર્તમાન વ્યવસ્થા પૂરતી નથી. લગ્ન વિષયક પાત્રોના ચયન માટે વેબસાઈટ કે એવા માધ્યમો ને પૂરતા પ્રમાણમાં આવકાર નથી મળી રહ્યો. અને આંતરજ્ઞાતિય લગ્નોનું પ્રમાણ વધતું ચાલ્યું છે. સૌથી વધારે ચિંતાની વાત આવા લાકડે માંકડા મેળવીને કરેલ લગ્નમા લગ્ન વિચ્છેદનું સતત વધતું રહેલુ પ્રમાણ.

* ધર્મ એ દરેકનો અંગત વિષય છે. આપણામાં દેરાવાસી અને સ્થાનકવાસીમાં રોટી–બેટીનો વ્યવહાર છે. પરંતુ દરેક સંપ્રદાયના દરેક ફાંટાના પોતાના વાડા છે, આંતર પ્રવાહો છે. ધર્મના મૂળભુત સ્વરૂપની ચર્ચા વારંવાર થતી હોય છે. અને સિધ્ધાંતના રૂપે સ્વીકારાય પણ છે. પરંતુ વાસ્તવિકતા જુદી જ છે. વિવિધ પ્રકારના ધાર્મિક અનુષ્ઠાનો તો રાફડો ફાટ્યો છે. ધજા મહોત્સવ, પંચાન્હિકા મહોત્સવો અને એવું ઘણું બંધુ. બધુ રંગે, ચંગે, પર્યુષણ પર્વની આરાધાના ચાર્તુમાસે પ્રવેશ. સ્વપ્નાના ધૂત, અને તપસ્યાઓ પૂરતી સિમિત બની ગઈ છે. ચાર્તુમાસનો ખર્ચ અધધ બની રહ્યો છે. સાધુઓ/સાધ્વીઓ દરેક વંદનીય છે. સમાજ પર એમનો પ્રભાવ વધતો રહયો છે. આશા રાખીએ કે એ વર્ચસ્વનો ઉપયોગ યોગ્ય દિશા સૂચન માટે થાય. કેટલાક આજે સંપ્રદાય ના પારંપારિક વાડા માથી બહાર આવી શ્રીમદ્ રાજચંદ્ર ના કોઈક અનુયાયી સાથે જોડાયા છે. તો કોઈક કાનજી સ્વામી અથવા દાદા ભગવાનને અનુસરી પોતાને પ્રગતીશીલ માની રહયા છે.

* કુળદેવીમાં આસ્થા હોવી એ શ્રધ્ધાનું પ્રતીક છે. પરંતુ શ્રધ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેની ભેદરેખા પાતળી થતી જાય છે. કુળદેવીના નૈવેદ્ય માટે ભાવિકોના ધાડા કચ્છમાં ઉતરી પડે છે. મહદ અંશે સમુહ જુહારને સ્વીકારી લેવાયાં છે. પરંતુ વાંસા પ્રથા, ધુણવાનું, પૃચ્છા–આચ્છા જેવી પ્રથાઓ આપણે એકવીસમી સદીમાં પણ જીવંત રાખી છે, કોઈ પણ સવાલ કર્યા વિના જીવંત રાખી છે. પછી તે શિક્ષિત હોય કે અભણ, શ્રીમંત હોય કે મધ્યમ વર્ગ, દેશમાં વસતો હોય કે વિદેશમાં. શાસ્ત્ર પાઠ, ચંડીપાઠ નિયમિત પણે આયોજતા રહે છે. મુંબઈમાં પહેડીઓનું આયોજન મોટા પાયા પર થઈ રહ્યું છે.

પ્રગતિ ઘણા કારણોસર હોઈ શકે પ્રગતિ આર્થિક સંપન્નતા ના કારણે હોય, પ્રગતિ વૈચારિક પરિપકવતા ના કારણે પણ હોય આર્થિક સંપન્નતા ને કારણે પ્રગતિ આપો આપ આવી જતી હોય છે. આર્થિક રીતે સંપન્ન લોકો જે વહેવાર કરે તે ચીલો પડી જાય છે અને સ્વીકારાતો જાય છે.

પરંતુ સમાજના સર્વાંગી વિકાસ માટે, પ્રગતિ માટે વૈચારિક પરિપકવતા જરૂરી છે. વૈચારિક માર્ગદર્શન જરૂરી છે. દિશાસૂચન કરી શકે એવા આગેવાનોની જરૂરત હોય છે. અને એવા આગેવાનો ની સમાજમાં સ્વીકૃતિ હોવી જરૂરી છે. છેલ્લા ઘણા વર્ષોથી એની ખોટ ચાલી રહી છે. સમાજે બૃહદ અંશે આર્થિક સંપન્નતાને પ્રાધાન્ય આપ્યું છે આર્થિક રીતે સંપન્ન વર્ગ સમાજ સેવામાં કાર્યરત બન્યો છે. એનુ પ્રતિબિંબ દેખાઈ રહ્યું છે. સંસ્થાના સમારંભો વધારે આયોજન બધ્ધ થયા છે અને સાથે ઝાકમઝાળ પણ બન્યા છે. સંસ્થાઓની પ્રવૃતિઓ મહદ અંશે રાહત લક્ષી બની રહી છે. દેનાર અને લેનાર બન્ને એ આ બાબત સ્વીકારી લીધી છે. મધ્યવર્ગ ખાસ કરીને વૈચારિક મધ્યમવર્ગ અપ્રસ્તુત બની રહ્યો છે.

કોઈપણ સમાજ ના સર્વાંગી વિકાસ માટે આર્થિક સંપન્નતા અને એના કારણે ઉપલબ્ધ કરાવાતી સગવડો, પાયાનું કામ કરે છે પરંતુ એના પર ચણતર માટે પ્રગતિશીલ વિચારધારાની પણ જરૂર હોય છે. પોતાને સ્પર્શતા દરેક બાબતનું મૂલ્યાંકન કરવાની, વિશ્લેષણ કરવાની સારાસારના પારખા કરવાની ક્ષમતા કેળવવાનું જરૂરી છે. અને આવી દરેક બાબતમાં સમાજ ઉપરાંત દેશ પણ આવી જાય છે. દેશ પ્રત્યેની ફરજ આપણને વર્તમાન પ્રવાહોથી માહિતગાર હોવાનું જરૂરી બનાવે છે. અને વર્તમાન પ્રવાહો માટે વોટ્સઍપના ફોરવર્ડેડ સંદેશા પર અવલંબિત ન રહી પોતાનું મુલ્યાંકન જરૂરી છે. અને તે પણ કોઈ પણ પૂર્વગ્રહથી પ્રેરિત થયા વિના.

આજે આપણા સમાજનો સુર્વણ કાળ છે. ધંધાકીય મંદી અથવા નાણા વ્યવહારની મુશ્કેલીઓ છતાં લગભગ બધુ સમુસુતરૂ ચાલે છે.

ચાલો આપણે વૈચારિક પરિપકવતા કેળવી આપણો સમાજને વધુ સમૃદ્ધ બનાવીએ. પાંચમા પૂછાય એવો બનાવીએ. સાંપ્રત સમયની સમસ્યાઓ માટે આપણા આગેવાનોના મંતવ્યો પણ દરેકને ધ્યાનમાં લેવા પડે એવી વિચારધારા કેળવીએ.

# પ્રમુખશ્રીની કલમે

ડૉ. મંજુલા વી. શાહ

## કચ્છી રમતોત્સવ-ગઈ કાલ-આજ-આવતી કાલ

જાન્યુ. ૨૦૨૦ના અંકમાં આપસૌએ સેવા સમાજનો રમતોત્સવ માણ્યો, જૂની યાદોને તાજી કરી, ફરીથી આપણે ૧૯૭૧થી આ રમતોત્સવ માણીએ. ૧૯૭૧થી સેવા સમાજે રમતગમતમાં તનતોડ મહેનત કરી જે અવિરત રહી છે. ૧૯૯૬માં રજતજયંતી ઊજવી. ૧૯૭૧માં શરૂઆત કેરમ, ટેબલટેનિસ, સિંગલ, ડબલ્સ (૩) જમબ્લડ અને ચેસ. આ હરીફાઈની શરૂઆત ત્રણ વિભાગથી થઈ (૧) સ્કૂલના વિદ્યાર્થી, (૨) યુવકો, (૩) યુવતીઓ. તે વખતે પ્રથમ વખત કુલ્લે ૭૨ યુવા-યુવતી અને ૪૨ સ્કૂલના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેઓ આ હરીફાઈમાં જીત્યા તેઓ શું આજે પણ રમતગમતમાં ઓતપ્રોત છે? કેરમ સિંગલ પ્રથમ ક્રમાંકે વિનોદ માવજી વેલજી મારૂ-ડેપા, દ્વિતીય - નયન જેઠાલાલ ગાલા-સમાઘોઘા, યુવતી પ્રથમ - લતા પ્રેમજી મૂરજી કેનિયા-બારોઈ, દ્વિતીય - ચંદ્રિકા પ્રેમજી મૂરજી કેનિયા. શાળાના વિદ્યાર્થી કેરમ - પ્રથમ સુરેશ મૂરજી વેરશી ગોસર-ડુમરા, દ્વિતીય પ્રફુલ પાસુભાઈ જેસંગ દેઢિયા-બેરાજા, પાલાગલી સ્કૂલ. કેરમ ડબલ્સ પ્રથમ - ઉદય અને વસંત પ્રેમજી મૂરજી કેનિયા-બારોઈ, દ્વિતીય - ટેબલ ટેનિસ (૧) મહેન્દ્ર દેવજી મુનશી મામણિયા-કુંદરોડી, (૨) જીવરાજ લાલજી વરજાંગ હરિયા-શેરડી. ટેબલ ટેનિસ - (૧) પંકજ દેવશી ખેતશી શાહ ચાંગડાઈ (૨) મહેન્દ્ર કાનજી નથુભાઈ છેડા-પત્રી, - સિંગલ - યુવતી સિંગલ (૧) ચંદ્રિકા કેનિયા (૨) રંજન રવજી કેશવજી વોરા-ગેલડા. યુવકો ડબલ્સ ટે.ટે. - પ્રથમ પંકજ અને ગૌતમ દેવશી ખેતશી શાહ ચાંગડાઈ - દ્વિતીય હરિલાલ રવજી કેશવજી વોરા-ગેલડા અને ઉદય પ્રેમજી મૂરજી કેનિયા-બારોઈ.. ચેસમાં ટોટલ ૧૪ પોઈંટની રમત હતી અને ૭ રાઉન્ડ થયેલ. કુલ ૫૩ જણાએ ભાગ લીધેલ. યુવકોમાં પ્રથમ - માવજી રામજી વેલજી ગાલા-કારાઘોઘા, ૧૩ પોઈંટ દ્વિતીય પરિમલ નાનજી લાલન-બિદડા ૧૨ પોઈંટ તૃતીય હરિલાલ રવજી વોરા-ગેલડા ૧૧ પોઈંટ. શાળાના વિદ્યાર્થી (૧) અશોક મોરારજી છેડા-ગુંદાલા-દેરાવાસી પાલાગલી સ્કૂલ (૨) રમેશ કે. દેઢિયા (સાવલા વિદ્યાલય) (૩) દિલીપ નંદુ પ્રીમિયર સ્કૂલ. આશ્વાસન ઈનામ જયા નાનજી ગંગર દેરાવાસી પાલાગલી સ્કૂલ.

પ્રથમ વખતની આ બધી સ્પર્ધાના વિજેતાઓએ પોતાનાં ઈનામો યુદ્ધમાં ખપી જઈ વીરગતિ પામેલા સૈનિકોના કલ્યાણઅર્થે વપરાય એવી ભાવના વ્યક્ત કરી ઈનામો પરત કરેલ.

કચ્છીઓમાં ત્યારે પણ દેશ માટે કંઈક કરવાની ઈચ્છાને લાખો સલામ. એ જ ભાવના આજે પણ કચ્છીઓમાં છે. ત્યારે સ્પર્ધકો તરફથી આવતા વર્ષમાં બેડમિંટન, તરણ અને રનિંગનું સૂચન મળેલ. ૧૯૭૨માં સૂચનનો અમલ થયેલ. ૧૦૦મી-૪૦૦ મી. રનિંગ, હરડલ્સ, લીંબુચમજી, ભાલા ફેંક, લાંબો કૂદકો, કેરમ, ચેસ, તરણ, ટેબલ ટેનિસ, સાઈકલિંગ આ બધી રમતોની હરીફાઈમાં ભાગ લેતા થઈ ગયા. હરીફાઈઓ વલ્લભભાઈ સ્ટેડિયમ, સેંટ ઝેવિયર ગ્રાઉન્ડ, સેન્ટ્રલ રેલ્વે ગ્રાઉન્ડ વગેરે સ્થળોએ યોજાતી. પગદંડીમાં ૧૯૭૧ સપ્ટેમ્બરથી ''ક્રીડા જગત'' કટારની શરૂઆત થઈ. આમાં ક્રિકેટ અને અન્ય રમતોના દેશ-વિદેશના સમાચાર આપવામાં આવતા. આ લેખમાળાનું સંચાલન બે તરવરિયા વિદ્યાર્થી (૧) અમૃતલાલ મોરારજી વોરા (ડુમરા), (૨) રમેશ રતનશી દેઢિયા (ના. ખાખર) દ્વારા થતું.

(૧) ગામ બારોઈના શ્રી જયંતીલાલ કેનિયાએ ૧૯૭૧માં ખૂબ જ સારા ઓપનિંગ બેટ્સમેન તરીકે ખ્યાતિ મેળવે. મુંબઈના સાઉથ ઝોન તરફથી ''રણજી ટ્રોફી'' માટે બ્રેબોર્ન સ્ટેડિયમમાં મેચ રમેલ. ભારતની ટીમમાં તેમની પસંદગી થયેલ. ટીમ સાથે તેઓ વેસ્ટ ઈન્ડીઝ સામે રમવા ગયેલ (૨) દહિસર ક્રિકેટ ક્લબના સ્થાપક શ્રી પ્રવીણભાઈ ગોગરી (ના. ભાડિયા)ની મહેનતથી ''મુંબઈ ક્રિકેટ એસોસિયેશન'' દ્વારા આ ક્લબને માન્યતા પ્રાપ્ત થઈ. કચ્છી સમાજ એનું ગૌરવ અનુભવે છે. સૌ પ્રથમ સમાજની ક્રિકેટ ક્લબ બદલ આ બધી હરીફાઈમાં પ્રથમ, દ્વિતીય, તૃતીય ઈનામો તો હતાં પરંતુ રમતમાં વધુ પ્રોત્સાહન મળે તે માટે દાતાઓ તરફથી શ્રેષ્ઠ હરીફ માટે અલગ વિભાગમાં પુરસ્કાર એનાયત થતા.

(૧) સ્કૂલ વિભાગ - ૮-૧૬ વર્ષની બાળાઓ માટે - ''માતુશ્રી કુંવરબાઈ કપ'' લખમશી નપુ સ્મારક ફંડ તરફથી - પ્રેમજીભાઈ.

(૨) ૮-૧૬ વર્ષનાં બાળકો માટે ''ડુંગરશીભાઈ કપ'' ગામ ભચાઉના શ્રી પ્રેમજી ડુંગરશી નંદુ તરફથી એમના પિતાશ્રી ડુંગરશીભાઈના સ્મરણાર્થે.

(૩) ૧૬થી ૩૫ વર્ષની યુવતીઓ માટે ''મટુબાઈ કપ'' ગામ બાડાના ડો. જયંત કુંવરજી ગડા તથા શ્રી નયન કુંવરજી ગડાના માતુશ્રીના સ્મરણાર્થે.

(૪) ૧૬થી ૩૫ વર્ષના યુવકો માટે ''લાલજીભાઈ કપ'' ગામ ડુમરાના શ્રી ઝવેરચંદ લાલજી આસરિયા નાગડા તરફથી એમના પિતાશ્રીના સ્મરણાર્થે.

(૫) ૩૫ વર્ષથી ઉપરની સ્ત્રીઓ માટે ''પ્રેમજીભાઈ કપ'' ગામ બિદડા એક સદ્ગૃહસ્થ

(૬) ૩૫ વર્ષથી ઉપરના ભાઈઓ માટે ''ગાલા ઈન્ટરનેશનલ કપ'' ગામ પ્રાગપુરના શ્રી નેમીદાસ ખેરાજ ઓભાયા ગાલા તરફથી.

(૭) સંસ્થા માટે ''નાથાલાલ શીલ્ડ'' ભુજપુરના શ્રી શાંતિલાલ નાથાલાલ શેઠિયા
બેસ્ટ સ્પોર્ટ્સ પર્સનાલિટી ઓફ ધી યર ''શાંતિ કપ''

અને આ પ્રોત્સાહન દોડ વણથંભી ચાલી રહી છે.

મો: ૯૩૭૨૮૮૧૨૮૦

# પગદંડીને પત્ર

આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ

## ''સોલાર સિસ્ટમથી સજ્જ કરીએ આપણાં સંસ્થાનોને''

**- નરેન્દ્ર ટોકરશી દેઢિયા**

આપણા ક.વિ.ઓ. સમાજનાં મોટા ભાગનાં સંસ્થાનો-લગભગ ૯૦% કચ્છ-ગુજરાતમાં આવેલાં છે, જેમાં અતિથિગૃહો, સેનેટોરિયમો, પાંજરાપોળો, હોસ્પિટલો, દેરાસર-સ્થાનકો વગેરે યાદીમાં આવેલાં છે.

આપણાં સંસ્થાનોનું જે સુકાન સંભાળતા હશે તેમને ખબર છે કે આવી સંસ્થાઓ ચલાવવામાં ખર્ચમાં પહેલા નંબરે પગાર આવે છે અને બીજા નંબરે ઈલેક્ટ્રિક બિલ આવે છે. આપણાં સંસ્થાનો મોટે ભાગે દાનની રકમ ઉપર અથવા તો નજીવી આવકનાં સાધનોથી ચાલે છે. ત્યારે જો આપણાં સંસ્થાનો વહીવટી ખર્ચમાં ઈલક્ટ્રિક બિલની રકમમાંથી મુક્ત થઈ જાય તો કેટલું સારું!

ઈલેક્ટ્રિક વપરાશથી આવતા બિલમાં મુક્ત થવા માટે આપણાં સંસ્થાનોને સોલાર સિસ્ટમથી સજ્જ કરવાં જોઈએ. કચ્છમાં આપણી અમુક સંસ્થાઓમાં સોલાર સિસ્ટમ ચાલુ થઈ ગઈ છે. બિદડાની ''માનસી'' સંસ્થા તેમાંની એક છે. જ્યાં સોલાર સિસ્ટમના કારણે ઈલેક્ટ્રિક બિલની રકમ લગભગ નાબૂદ થઈ ગઈ છે.

ગુજરાત સરકારની પોલિસી પણ ''સોલાર'' સિસ્ટમને પ્રોત્સાહિત કરે તેવી છે. રેસિડન્સિયલમાં ૪૦ ટકા સબસિડી મળે છે. જ્યારે ટ્રસ્ટ કે સંસ્થાને માટે ટાઈમ ટુ ટાઈમ પ્રોત્સાહન જાહેર કરવામાં આવે છે. સોલાર સિસ્ટમમાં ૨૫ વરસ સુધી ગેરંટી આપવામાં આવે છે અને મેઈન્ટેનન્સ શૂન્ય ટકા છે. ટૂંકમાં, કરેલ રોકાણ પાંચ વરસમાં નીકળી જાય છે. એટલે કે વધારાનાં ૨૦ વરસ સુધી મફતમાં લાઈટ બિલનો ફાયદો લઈ શકાય છે.

આપણી સંસ્થાઓ મોટે ભાગે વ્યક્તિગત દાનથી ચાલતી હોય છે. સોલાર સિસ્ટમ માટે પણ આપણી સંસ્થાને દાન મળી શકે છે. સોલાર સિસ્ટમ લાગવાથી વહીવટી ખર્ચમાં ધરખમ ઘટાડો આવશે અને પર્યાવરણમાં પણ ઉપયોગી થશે અને સરકારશ્રીને પણ મદદકર્તા થશું. મારી ક.વિ. ઓ. સમાજને વિનંતી છે કે આપણા સમાજની વિવિધ સંસ્થાઓને જેમ બને તેમ જલદીથી સોલાર સિસ્ટમથી સજ્જ કરો જે આવનારા સમયની માંગ પણ છે.

***

## પરાગ શાહ અને આરતી ગ્રુપનું નવું નજરાણું

**- હીરાલાલ વી. ઉનડોઠવાળા**

કચ્છી નામાંકિત ગુંદાલાના સી.એ. દિલીપ રાંભિયાની પ્રાર્થના-શ્રદ્ધાંજલિ સભામાં કેન્સર માટે

એક કરોડથી વધુ ફંડ જમા થયેલ જે માનવરાહત ઉત્સવ મનાવ્યો તે બદલ પરાગ શાહ અને આરતી ગ્રુપને લાખ લાખ અભિનંદન.

એ પ્રાર્થના/શ્રદ્ધાંજલિ સભામાં જે હાજરી હતી તેમાં સાધુ-સંતોની હાજરી પણ હતી અને આ રીતે ફંડ થયું જે આ પ્રકારનું પ્રથમ ચરણ છે અને સાધુ-સંતોએ હવે માનવરાહત માટે કાર્ય કરવું જરૂરી છે, જે બદલ બંને ગ્રુપોને લાખ લાખ અભિનંદન.

આ શાનદાર ફંડો ઊભાં થશે તો કચ્છી તેમ જ જૈન સમાજમાં નવું પીછું ઉમેરાશે જે જરૂરી પણ છે. આવાં ફંડ પરાંઓનાં મહાજનો, મંડળો, સંસ્થાઓ, મહિલા મંડળો દ્વારા ઊભાં થશે તે સમાજોપયોગી કાર્ય થશે. આ કળિયુગ/મોંઘવારીમાં બીમારી માટે આપણા ભાઈઓ-દરદી સહાય માટે હાથ લાંબો કરે છે અને મળી પણ રહે છે જે સારી નિશાની છે. આવું અન્ય સમાજોમાં બહુ ઓછું જોવા મળે છે. કચ્છીઓ ખુશ છે. કચ્છી સમાજ અનેક સંસ્થાઓથી ધબકતો છે જે ગૌરવ અપાવનાર હકીકત છે.

હાલ આપણા સમાજમાં ધાર્મિક તેમ જ કુળદેવીની પહેડી થાય છે. તે જરૂરી છે પણ જે પ્રમાણે અતિરેક થઈ રહ્યો છે તે ગંભીર બાબત છે. અતિની ગતિ ન હોય તે પ્રમાણે સમાજ ચેતે તે જરૂરી છે નહીંતર આ અતિરેક કે ઊભરો થાય છે જે અંગે સમાજે વિચારવું જરૂરી છે.

સમય અને સંજોગ પ્રમાણે ફેરફાર કે અતિરેક અટકે એ વ્યાજબી છે. તો સમાજનાં શ્રેષ્ઠીઓ, સંસ્થાઓ આ બાબતે વિચારે.

***

## મંત્રોચ્ચાર કરેલી રક્ષા પોટલી

**- દામજી સાવલા**

મુલુન્ડ

મોઃ ૯૯૬૭૫૦૫૧૨૫

જૈન ધાર્મિક પૂજનો તેમ જ માતાજીનાં પૂજનોમાં દૂધ, મીઠાઈ, ફળફળાદિ વગેરે પુષ્કળ સામગ્રીનો ઉપયોગ કરવામાં આવે છે. પૂજનના કાર્યક્રમની એક વિધિ તરીકે કહેવાતી મંત્રોચ્ચાર કરેલી લાલ કે કાળા રંગના દોરાથી બનાવેલી ઢીલી બંગડી જેવી રક્ષા પોટલી, દરેક ભક્તના કાંડા પર બાંધવામાં આવે છે. એનાથી કોઈ પણ અકસ્માત, મુશ્કેલી વગેરે સામે રક્ષણ થાય એવી આસ્થાથી ભાવિકો એને આવકારે છે અને કેટલાય દિવસો સુધી એને કાંડા પર બાંધી રાખે છે.

આજના ઈન્ટરનેટ ને ગૂગલના જમાનામાં, આવી પુરાણી માન્યતા કે પૂજન વગેરે કરાવવાથી ઉપર આકાશમાં રહેતી કોઈ શક્તિ પ્રસન્ન થાય અને ભક્તોને શારીરિક કે ભૌતિક લાભ થાય અથવા રક્ષા પોટલી બાંધવાથી અકસ્માત વગેરે સામે રક્ષણ મળે એ બાબત કેટલી તાર્કિક કે સંયત છે એવું વિચારવું જરૂરી છે.

***

# પ્રતિભાવ-પ્રતિસાદ

આ વિભાગમાં 'પગદંડી'માં પ્રસિદ્ધ થયેલ લેખ, કાવ્ય અને અન્ય સાહિત્યના સંદર્ભે વાચકોનો પ્રતિભાવ-લેખકનો પ્રતિસાદ આવકાર્ય છે.

## રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી વિશેષાંક

**- કિશોર બોટાદરા**

ગાંધીની વાત આવે એટલે Communication with Consciousness અર્થાત આત્મા સાથે વાતચીત, કે જેના નામ સ્મરણથી શરીરમાં ચૈતન્ય ભાવ પ્રગટ થાય, ચક્ષુ દિવ્ય ચક્ષુ બની જાય, માનવીની માનવતા દર્મ બની જાય. વાંચની સમૃધ્ધિ કે સમૃધ્ધ વાંચન આ એકબીજાના પર્યાય છે તેમ પગદંડીનો મહિનાનો ગાંધી વિશેષાંક વાંચતા લાગ્યું.

એક વાર વિન્સ્ટન ચચલિે કહ્યું હતું કે "I am not afraid of Hitler, but i am afraid of half naked fakir of India" આ વિધાન મહાત્મા ગાંધીમાં કે બ્રિટનના પ્રેસિડેન્ટે આમ કહેવાની જરૂ પડી? જો છે ચારિત્ર્યની શુધ્ધતા, 'સત્ય' અને 'અહિંસા', જેના થકી ગાંધીજીના ચારિત્ર્યનું નિર્માણ થયું અને આજ પ્રેરકબળ ગાંધીન 'મોહન'માંથી ''મહાત્મા'' બનાવે છે.

''મોહન'' તો એક વ્યક્તિની સંજ્ઞા છે, જ્યારે ''મહાત્મા'' તો સમસ્ત સમાજે પ્રમાણેલી, ગાંધીની માનુષિ સિધ્ધીઓની સંજ્ઞા છે. ગાંધીની માનુષિ સિધ્ધીઓ ેટલેઃ

- અંગ્રેજો વિરુધ્ધનો સવિનય કાનૂનભંગ.
- હથિયાર વગરનો અહિંસક સત્યાગ્રહ.
- કઠિન પરિશ્રમનો પરિચય.
- જન-જાગૃતિ અને સેવાની અભિરુચિ.
- સ્વદેશ માટેનું અભિમાન.
- કપટ વગરની વકિલાત.

ગાંધીને એક વ્યક્તિ તરીકે નહીં પણ એક શાશ્વત વિચાર તરીકે સ્વીકારવા અનિવાર્ય છે તેમ આ દળદાર અંક વાંચતા સમજાયું અને સ્વીકાર્યુ, જે તંત્રીમંડળની સંપૂર્ણ સજાગતા સાબિત કરે છે જે સમાજના ઉત્થાન માટે આવશ્યક છે. વિચાર મૂલ્યો અને જીવન મૂલ્યોને ગાંધીએ સમજીને આચરણ કરી બતાવ્યું અને અન્ય પાસે કરાવ્યું. આ જ કામ ''પગદંડી''ના તંત્રીમંડળે ઉપાડયું છે જે ખૂબ ધન્યતાને પાત્ર છે.

''મારા સત્યના પ્રયોગો'' ગાંધીજી દ્વારા નિખાલસ ભાવે લખાયેલ તેમની આત્મકથા છે. આપણે જ્યારે, જ્યારે આ આત્મકથા વાંચીએ છીએ ત્યારે ત્યારે તેમાંથી નવા નવા ભાવ સ્ફૂરિત ખાય છે તેમ આ લેખકો દ્વારા નિરૂપાયેલા સબ્દો અને વિષયનું વિસ્તૃત અર્થઘટન કરી ત્યારે તે આપણને Mental, Physical અને Spiritual સ્તરે નવી ઊંચ્ચાઈ પર લઈ જાય છે, તેમાટે દરેક લેખરો અભિનંદનને પા૪ છે, કે જેનો આ ભગિરથ પ્રયાસ આકાશને આંબશે.

ગાંધીજી આજના સમયમાં કેટલા પ્રસ્તૂત કે પ્રસ્તૂત? આ સવાલ જ માનવીમાં રહેલી તેન નિર્બળતા અને નિષ્ફળતા દેખાડે છે. ગાંધીજી પ્રસ્તૂત જ છે અન રહેશે કેમકે ગાંધીજીએ દેશ અને

દુનિયાની દરેક દુઃખતી નસ પર આંગળી મૂકેલ છે દા:ત પર્યાવરણ વસતી વિસ્ફોટ, નિઃશસ્ત્રિકરણ, હિન્દુ-મુસ્લીમ એકતા સહકરણ અને નીતિમતા અને તે સમસ્યાઓનો વાસ્તવિક ઉપયા પણ આપ્યો છે. આપણે ગાંધીને તેની મર્યાદાઓમાં બાંધી આપણી મર્યાદાઓનું ઉલ્લંઘન કરતાં અચકાતા નથી, શું ગાંધીનું મૂલ્યાંકન કરવું આટલું સહેલું છે? ગાંધી ટીકા-ચર્ચા કરવાનો વિષય નથી પણ આદર અને શ્રધ્ધાનો વિષય છે. એક તટસ્થ ભાવે આપેલ વિહંગાલોકન વાંચ્યા પછી લેખકોની રહેલી ગાંધી પ્રત્યેની ઉંડી સૂઝ, સમજ અને માહિતી સમાજને નવી દિશા આપશે તે એક નિર્વિકાર સત્ય છે.

વિશેષાંકમાં આવવામાં આવેલ વિશયો, માહિતી અન્ય કોઈ ફિલ્મ, પૂસ્તક, સામયિક કે મ્યુઝિયમ કરતાં વિશેષ છે. અનન્ય છે અને કોઈપણ સંસોધન કે વિશ્લેષણ કરનાર વ્યક્તિ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે તેવી મને શ્રધ્ધા છે, સાથે, સાથે સમાજમાં ચારિત્ર્યનું નિર્માણ કરવાનું કામ આ દળદાર અંક કરી શકશે તેવી મને શ્રધ્ધા છે.

ભગવાન શ્રીકૃષ્ણના મોઢે ઉદ્‌ઘોષિત થયેલી ભગવદ્‌ગીતા જો ગાંધીજીના ઉત્થાનનું કારણ બની શકતી હોય, અને કૃષ્ણ ભગવાનને આપણે મહાન મેનેજમેન્ટ ગુરુ તરીકે સ્વીકૃતિ આપ હોય તો વિના સંકોચે આપણે ગાંધીજીને મેનેજમેન્ટ ગુરુ તરીકે સ્વીકારવા જ રહ્યા, આવા ઘણાં ઘણાં સંદર્ભોથી સભર આ અંક ને માનવ ઉત્થાનના પરિપ્રેક્ષ્યમાં ગાંધીજીનું મહત્વ સમજાવતા અલભ્ય લેખો પ્રકાશિત કરવા બદલ પગદંડીના તંત્રમંડળ અને લેખકોને ખૂબ ખૂબ અભિનંદન.

## ખુલાસો

**-ડૉ. ધીરજ છેડા**

મારા પ્રતિભાવના સંદર્ભમાં આવેલા ઉગ્ર પ્રતિભાવ વિષે અમારા મિત્રવર્તુળમાં ચર્ચા થઈ. ''પ્યારેલાલ, મહાદેવ દેસાઈ, સરદાર પટેલ, વિનોબાભાવે જેવાને અને અન્ય સેંકડોને જ પારસમણિનો સ્પર્શ થયો એ સ્પર્શ બાપુના જ્યેઠ પુત્રને કેમ ન થયો?'' એક જણે જણાવ્યું કે કસ્તુરબાએ હૈયાવરાળ ઠાલવતાં કીધેલું 'મારે પેટ પથ્થરો ક્યાંથી પાક્યો'. બીદાએ શંકા વ્યક્ત કરી કદાચ 'છોટેગાંધી' તરીકે સ્થાપિત થઈ ગયેલ હરીલાલમાં 'માટીપગા' બાપુને પોતાનો પ્રતિસ્પર્ધી ભાસ્યો હશે...'' એ પણ વિચારવા જેવું ખરૂં.

બાકી મારા લખાણમાં કાંતિગાંધીના અભિગમ સામે હરીલાલના અભિગમની તુલના મેં કરી હતી જ. વળી સોનબેનના લખાણનું જે અવતરણ થયું છે તેમાં હરીલાલનો નામોલ્લેખ પણ નથી. આશા છે કે તંત્રીઓ સિધ્ધહસ્ત લેખકનું લખાણ પગદંડીમાં છાપે જેવી પગદંડીના વાંચકોને પણ યોગ્ય દિશાદર્શન થાય.

અત્યારે દેશ બે છાવણીમાં વહેંચાઈ ગયો છે મોદી તરફી લોકોઃ મોદી જે કરે તે બધું જ સાચું અને વિરોધીઓ મોદી કરે તે બધું જ ખોટું. આ આપણી ભારતીય માનસિકતાનો પરિચય છે. આવું જ હરીલાલનો સંદર્ભ પકડીને એક જીવનઘડતરના મહાવિદ્યાલયના સ્વરૂપ માટે જોવાથી નરરીયો ચોક્કસપણે બદલાઈ જઈ શકે. મારે તો 'લોઢાની થાળીમાં સોનાની મેખ' સામે વિરોધ હતો. વ્યક્તિ તરીકે ડૉક્ટર સાહેબ માટે આજે પણ એજ

આદરભાવ છે.. પૂજ્યભાવ શબ્દો ઔચિત્યપૂર્વક પણ વાપરતો નથી.

અસ્તુ..

❀❀❀

## લોકબિરાદરી પ્રકલ્પ

**– શાંતિલાલ ગઢિયા**

ફોનઃ ૦૨૬૫-૨૭૫૦૨૭૫

નવા ઈસવી સન ૨૦૨૦ ના પ્રથમ અંકમાં શ્રી અધાજીનો લેખ 'લોકબિરાદરી પ્રકલ્પ' વાંચ્યો. આઠ પાનાંનુ લખાણ વાંચતાં જાણે એમના જ સહપ્રવાસી હોઈએ એમ અનુભવ્યું.

એંશીના દાયકમાં બાબા આમ્ટે 'ભારત જોડો' આંદોલનની અહાલેક સાથે વડોદરા આવ્યા હતા ત્યારે એમનાં દર્શનનો લાહાવો લીધો હતો. આજ એમની ત્રણ-ત્રણ પેઢી એ જ સેવાકાર્યને સમર્પિત છે, એ તાજુબની વાત છે. શ્રી અધાજી સૌ પ્રથમ એમનાં ધર્મપત્ની સાથે જે સ્થળે ગયા હતા, ત્યાં ફરી સાડા ચાર દાયકા પછી પગ મૂકવો એ કેવો ભાવુકતાનો કાળખંડ હશે એમના માટે! જો કે વાચકો પણ શબ્દેશબ્દે રોમાંચિત થાય એવું તાદશ વર્ણન છે.

❀❀❀

## લોકો વાંચતા હતા, વાંચે છે અને વાંચશે

**– શાંતિલાલ ગઢિયા**

ફોનઃ ૦૨૬૫-૨૭૫૦૨૭૫

તા. ૬-૧ ના રોજ ઘાટકોપર (મુંબઈ)થી એક બહેનનો ફોન આવ્યો કે જાન્યુઆરી ૨૦૨૨૦ના 'પગદંડી'માં આપનું કાવ્ય વાંચ્યું. છેલ્લી કડી બહુ જ સરી કરી ગઈ. બાળક માતાને ઉદ્દેશીને કહે છે, 'હું નદી બની જાઉં તો કેવું સારુ! રોજ તું ઘાટે આવે અને હું તારા પગ પખાળું...' શી વાત કરું આપને ! મારાં બાને યાદ કરતાં આંખોમાં પાણી આવી ગયાં. અવાજ પરથી સ્પષ્ટ અનુમાન થઈ શકતું હતું કે બહેન ગળગળા થઈ ગયા હતા. ક્ષણાર્ધ અમારી વચ્ચે મૌન પથરાઈ ગયું હતું.

મારા માટે આ દિવસ યાદગાર બની રહ્યો. કેટલાક કહે છે કે આજના સોશિયલ મિડિયાના જમાનામાં લોકોનું વાંચવાનું લગભગ નહિવત્ બની ગયું છે. આ માન્યતા સત્યથી વેગળી છે. લોકો વાંચતા હતા, વાંચે છે અને વાંચતા રહેશે. એટલું જ નહિ, શબ્દોને ભાવનાના સ્તરે અનુભવે છે. શબ્દો સાથે એકરૂપ થાય છે. તેથી જ તે ગાંધીજી ટ્રેનમાં મુસાફરી કરતાં કરતાં રસ્કિનકૃત 'અન ટુ ધિસ લાસ્ટ' પુસ્તકથી એટલા પ્રભાવિત થયા હાત કે એમના વિચારતંત્રમાં ખળભળાટ મચી ગયો હતો. કાલિદાસકૃત 'અભિજ્ઞાન શાકુંતલમ્' વાંચીને જર્મનીનો કવિ-નાટ્યકાર ગેટે (૧૭૪૯-૧૮૩૨) ગ્રંથ મસ્તક પર મૂકી ભરબજારે નાચવા લાગ્યો હતો.

કાગળ પરના શબ્દો યંત્રમાંથી કે કલમમાંથી નીકળેલા ઠાલા શબ્દો નથી હોતા, પરંતુ વાંચનારના મનવીણાના તાર ઝંકૃત કરતું અદીઠ બળ છે. જદય હો મુદ્રિત શબ્દોનો... ઘણું જીવો 'પગદંડી'...

❀❀❀

## મનોવિશ્લેષણ

– **તલક શાહ**

કોડાય, પાર્લા

મો: ૯૯૬૭૩૩૧૪૬૦

પગદંડી જાન્યુઆરી ૨૦૨૦ના અંકમાં શાંતિલાલ ગઢિયાના લેખ મનોવિશ્લેષણ માટે તેમને અભિનંદન, એમણે એમના લેખમાં વિષયને લઈ ઘણી વાતો સાંકળી લીધી છે. પણ જાતીય જીવનની સમસ્યા અને એનાં પરિણામો લક્ષ વેધે છે.

ફ્રોઈડે એ જાણ્યા પછી કે માણસ, પુરુષ અને સ્ત્રી બંને, જાતીય જીવનની મુશ્કેલીને લીધે સૌમ્ય મનોવિકૃતિનો ભોગ બને છે, અને આ બાબત ઘણો અભ્યાસ કર્યો અને એને વાચા આપવા સંમોહનનો ઉપયોગ યથાર્થ લાગ્યો પણ વખત જતાં પશ્ચિમના જગતે આ વાતને સ્વીકારી લઈ જાતીય સમસ્યાને મુક્તપણે વ્યક્ત કરે છે અને મનોવિકૃતિના ભોગ બનતાં અટકે છે. પણ આપણા સમાજને આ સમજવા અને એનાં દુષ્પરિણામો પ્રત્યે હજુ પણ સૂગ જ છે. આપણા સમાજમાં આ સમસ્યાનો તોડ કાઢવા માણસ fantasy કે કાલ્પનિકતાનો સહારો લે છે અથવા સંસ્કાર કે ભાગ્ય સમજીને પરિસ્થિતિ સ્વીકારી લે છે.

સિગ્મન્ડ ફ્રોઈડ, જે જાતે યહૂદી હતો, ખરેખર મનોવિશ્લેષણનો જનક હતો. અને એના પછી મનોચિકિત્સામાં પાયાના ફેરફારો આવ્યા. આજે તો વિજ્ઞાને ઘણા Hormones (oxytocin, serotonin dopamine etc) શોધી કાઢ્યા છે. કે જો તેમનું ઉત્પાદન શરીર ન કરી શકતું હોય તો બહારથી લઈ તેમની ઊણપ દૂર કરી શકાય છે.

લેખકને ફરી એક વાર અભિનંદન.

❀❀❀

## પગદંડી-જાન્યુ'૨૦નો અંક

– **દિલીપભાઈ કે. આચાર્ય**

ભુજ

મો: ૯૯૨૫૪૨૬૯૮૮

'પગદંડી' જાન્યુ. ૨૦૨૦નો અંક વાંચ્યો. ખૂબ જ સુંદર વિવિધતા સભર વાંચવા મળ્યું તેનો આનંદ થાય છે. સુંદર-માહિતીપ્રદ છે. જેમાં મહાત્મા ગાંધી-વિશેષ, ઉત્સવ-ધર્મ, આત્મહત્યા વ્યક્તિ વિશેષ, સાહિત્ય અમૃત (પુસ્તક પરિચય) ''ઊર્મિલહર'' વિગેરે વૈવિધ્ય સભર માહિતી ખૂબ જ સુંદર લાગી ને ગમી છે.

સુંદર વિચાર જાણવા માણવા આ અંકથી મળે છે. 'પગદંડી' અંક દર માસે અવનવી માહિતી વાચકોને પીરસે છે. આ અંકમાં 'આત્મહત્યા' નિવારણ વિષેની ઉપયોગી માહિતી જાણવા મળી જેમાં કહેવાય છે કે બે મિનિટમાં વિચાર બદલી જાય છે એટલે વિચારો બદલે તો જીવન માર્ગ બદલી જાય છે, જે મનુષ્યને નવું જીવન બક્ષે છે. અને જિંદગી બચી જાય છે. આમ ઘણું ઘટનારૂપ બદલી જાય છે. એ વિચારવું જોઈએ વાંચનથી ઘણા જ ફાયદા થાય છે. અનેક રીતે ઉપયોગી જાણકારી મળે છે જે આવકાર્ય હોય છે.

આવો અંક દરેક વખતે વાંચવો ખૂબ જ સુંદર લાગે છે.

❀❀❀

# પગ મેં ભમરી

લીલાધર માણેક ગડા

## વાડાઓમાં પુરાયેલો ધર્મ

છેલ્લા એક વર્ષથી પગદંડીના દરેક અંકમાં ધર્મ અંગેની ચર્ચા થતી રહી છે. તંત્રીલેખમાં પ્રમુખશ્રીની કલમેમાં સુજ્ઞ વાચકોના પ્રતિભાવો, પ્રતિભાશાળી લેખકોની વિશદ્ છણાવટો અને મંતવ્યોમાં ધર્મ વિષે લખાયું છે, અને વાંચવા મળ્યું છે. ધર્મની વ્યાખ્યા આપવી એ સુરદાસોનું હાથી વિષેનું મંતવ્ય આપવા બરોબર છે, અમાપ દર્શન અને છતાં માત્ર બે-ચાર વાક્યોમાં સમાઈ જાય એવા ધર્મનું મૂળ સ્વરૂપ જોવું એ ઈશ્વરને પામવા સમાન છે, ધર્મ-અધર્મ, ઈશ્વર, આસ્થા, અનાસક્તિ, નાસ્તિકતા એ વિષયો અંગે સુંદર સમજ અને વિવેકપૂર્ણ અભ્યાસ ભગવદ્‌ગીતાનાં વાચનમાં મળે છે. સામાન્ય વ્યવહારની અસામાન્ય ગૂંચોનો ઉકેલ ભગવદ્‌ગીતામાં છે. ઈશ્વર અંગેની આપણી જે પણ માન્યતા હોય પરંતુ ગીતાના ૧૧મા અધ્યાયનો ૮મો શ્લોક કહે છે.

''ન તુ મામ્ શકયસે દ્દષ્ટુમનેનૈવ સ્વચક્ષુષા
દિવ્યમ્ દદામી તે ચક્ષુ પશ્યમે યોગેશ્વરમ્''

શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે કે તું મારા મૂળ સ્વરૂપને, તારાં દુન્યવી ચક્ષુઓથી નિહાળી શકશે નહીં. હું તને દિવ્યચક્ષુઓ આપું છું જેનાથી તું મારા મૂળ સ્વરૂપને-યોગેશ્વર સ્વરૂપને જોઈ શકશે, અનુભવી શકશે.

ધર્મને ઓળખવો કે સમજવો એ ઈશ્વરને પામવા બરોબર છે. આપણને કોઈને ઈશ્વર થવું નથી પરંતુ એના દર્શન કરવા છે. જ્યાં સુધી ઈશ્વરને પામતા નથી ત્યાં સુધી એની ભક્તિ કરવાની છે. તેવી જ રીતે જ્યાં સુધી ધર્મને પૂર્ણપણે સમજ્યા નથી ત્યાં સુધી એની આરાધના કરવી છે. આ અનોખી સિદ્ધિ માટે, (ઈશ્વરને પામવાની, ધર્મ જાણવાની) પથદર્શકની જરુરત છે, દિવ્યચક્ષુ આપી શકે, આપણી દૃષ્ટિને એટલી પવિત્ર કરી શકે એવી વ્યક્તિની આવશ્યકતા છે અને તે વ્યક્તિ છે ગુરુ. ગુરુપદે યોગ્ય વ્યક્તિને સ્થાપવી એ જ મોટી વિટંબણા છે. ગુરુઓનો રાફડો ફાટ્યો છે અને એમાંથી ગુરુપદે સ્થાપવા માટે સુયોગ્ય માનવ શોધવો એ કાંકરામાંથી ઘઉં વીણવા બરોબર છે. ગુરુઓ ધર્મની આરાધનાને બદલે સંપ્રદાયના ફેલાવામાં વધારે માન્યતા ધરાવે છે. આપણે એક બીજા તર્ક વિષે પણ વિચારીએ. સાચો ગુરુ પોતાના શિષ્યને માર્ગ દાખવી એને છોડી દે. તેનો સ્વધર્મ સમજાવી એને એ પ્રમાણે વર્તન કરાવે.

ધર્મને પામવો, ઈશ્વરને ઓળખવો એ આત્માનું કર્તવ્ય છે. આપ એ અંગે દઢ માન્યતા ધરાવતા હો તો આત્મા અને દેહને છૂટા પાડી દો. આત્માને વિશુદ્ધ કરવા માટે માત્ર દેહ જ માધ્યમ છે એવું નથી. મન પણ એક માધ્યમ છે. શુદ્ધ દેહ, પવિત્ર મન અને વિશુદ્ધ આત્મા... જીવમાત્રનાં આ ત્રણ અંતિમ લક્ષ્યો સંભવી શકે. આ અંતિમ લક્ષ્યને પામવા ધર્મ પણ માધ્યમ

બની શકે, ગુરુ પણ સહાયક થઈ શકે અને તેથી મનુષ્ય માટે ધર્મ અને ગુરુ બન્નેની જરૂરત છે. ધર્મ વ્યક્તિની નિજી સંપદા બને તો જ ધર્મ શ્રેષ્ઠ રીતે વ્યક્તિને એના અંતિમ લક્ષ્ય સુધી લઈ જઈ શકે, અને વ્યક્તિ અંતિમ ઘડી સુધી ધર્મને પોતાની સાથે રાખે.

પોતાની અમાનતને ઉત્તમ રીતે સંભાળવી એ મનુષ્યનો સ્વભાવ છે. જ્યાં સુધી ધર્મ વ્યક્તિગત રહેશે ત્યાં સુધી માણસ ધર્મનું ઉમદા રીતે પાલન કરશે, ધર્મને ઉત્તમ પ્રકારે સાચવશે. ધર્મને વ્યક્તિ સુધી સીમિત રાખવાને બદલે એને સમાજનો, સંપ્રદાયનો અને છેવટે ટોળાનો બનાવવામાં આવે છે ત્યારે સમસ્યા ઊભી થાય છે. પછી એ ધર્મને બદલે સંપ્રદાય બની જાય છે. ઊજળી ગુરુ પરંપરા અહીં ઢીલી પડે છે. કહેવાતા ગુરુઓને ધર્મને બદલે સંપ્રદાય અને એના ઓઠા નીચે વ્યક્તિપૂજામાં રસ હોય છે. ટોળું જ્ઞાનીઓનું હોય કે અજ્ઞાનીઓનું હોય પરંતુ એ નિર્વિવાદ હકીકત છે કે ટોળાને અક્કલ નથી હોતી. બહુધા એ Blind Followers હોય છે. વર્તમાન સમયમાં વિશ્વમાં જે સમસ્યાઓ ઊભી થઈ છે એનાં મૂળમાં, પાયામાં સંપ્રદાયો અને રાજકારણ રહેલાં છે. સંપ્રદાયો અને રાજકારણ અહીં બન્ને એકબીજાનાં પૂરક બની રહે છે.

ધર્મ કદી સમસ્યાઓ ઊભી કરે નહીં. ધર્મ દરેક સમસ્યાઓ હલ કરે, એનો ઉકેલ આપે. માણસના મનમાં ઊઠતા પ્રશ્નોનું નિરાકરણ કરે, માણસને સાચો માર્ગ દાખવે પરંતુ એવું થતું નથી. માણસ ધર્મને બદલે સંપ્રદાય તરફ ઢળે છે. સંપ્રદાયની રચના ગુરુ, સાધુઓ પોતાના સ્વાર્થ માટે કરે છે અને આવા સંપ્રદાયો ક્યારેય પથદર્શક બની શકે નહીં, માર્ગદર્શક પણ નહીં બને. આ સંપ્રદાયો અને ગુરુઓ ધર્મને નામે સામાન્ય જનને ઉશ્કેરે, લલચાવે અથવા ભોળવે. આ હવે સામાન્ય થઈ ગયું છે પરિણામે આપણે ત્યાં આસારામો, જય ગુરુદેવો, રામરહીમ બાબાઓ, નિત્યાનંદો, વગેરે વગેરેનો રાફડો ફાટ્યો છે. સાંસારિક દુઃખો, માનસિક અશાંતિ, સર્વ દુઃખો અને સર્વ સુખોથી ગ્રસ્ત ગુણીજનો આવા કહેવાતા આધ્યાત્મિક ગુરુઓને શરણે જાય છે. શરણે આવેલા અન્યજનોની પંગતમાં બેસી જાય છે.

છેલ્લાં દોઢસો વર્ષમાં ભારતમાં કેટલા ગુરુઓને સ્વયં ઈશ્વરનો, વિશુદ્ધ આત્માનો સાક્ષાત્કાર થયો હોય અને એમના શ્રેષ્ઠ શિષ્યને એવો સાક્ષાત્કાર કરાવ્યો હોય? આપણી સમક્ષ એવું નથી થયું પરંતુ કહેવાય છે કે સ્વામી રામકૃષ્ણ પરમહંસે એમના શિષ્ય સ્વામી વિવેકાનંદને સાક્ષાત્કાર કરાવ્યો હતો અને તે પછી એમણે સ્વામી વિવેકાનંદને ભારતમાં ગરીબોની સેવા કરવાનો, અજ્ઞાન દૂર કરવાનો આદેશ આપ્યો અને એ આદેશને માથે ચડાવી સ્વામી વિવેકાનંદે રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી જેનું કાર્યક્ષેત્ર આરોગ્ય, શિક્ષણ અને સમાજનું ઉત્થાન છે.

કેટલાક ધર્મ મનુષ્યને આત્મલક્ષી પ્રવૃત્તિ તરફ પ્રેરે છે અને કેટલાક ધર્મનું સ્વરૂપ કર્મલક્ષી છે. કોણ સાચું અને કોણ ખોટું એ વિવાદમાં પડવાને બદલે આત્મલક્ષી અને કર્મલક્ષી બેઉનો ઉત્તમ રીતે સમન્વય કરી શકે એવી ધાર્મિક વિચારધારા કદાચ વ્યાવહારિક અને વાસ્તવિક સંભવી શકે.

પરંતુ આજે લગભગ એવું થઈ ગયું છે કે બન્ને વિચારધારાઓનો સમાંતરે ઉપયોગ અયોગ્યપણે થઈ રહ્યો છે. જ્યાં જે અનુકૂળ હોય ત્યાં ગોઠવાઈ જવાય છે. ગુરુઓ, ઉપદેશકો, મૌલવીઓ, આચાર્યો જ્યાં દોરે ત્યાં ટોળું દોરવાય છે. પાઈ પાઈનો ઊજળો હિસાબ રાખનાર માણસ અહીં સંપ્રદાયના નામે થતા અનાપસનાપ

ખર્ચાઓ તરફ બેફિકર છે અથવા ઉદાસીન છે. કર્મલક્ષી ધર્મને માનતા લોકો અધર્મ થતો હોય, દુરાચાર આચરાતો હોય એવી પ્રક્રિયાઓને મૂંગી સંમતિ આપે છે. આત્મલક્ષી ધર્મ તરફ ઢળેલા લોકો સાદગીને બદલે ભવ્યાતિભવ્ય અનુષ્ઠાનોમાં જોડાય છે. હવે તો સંપ્રદાયનાં નગરો ઊભાં થાય છે, કિલ્લેબંધી થાય છે, હથિયારધારી રક્ષકો નિમાય છે અને ટોળામાં ભળનાર ધાર્મિક જીવ આ બધું જોઈ રહે છે અને પછી એ Band Wagonમાં ભળી જાય છે. આની સામે પડનાર ક્યારેક પોતાના જીવનને જોખમમાં મૂકે છે.

કોઈ ગુણીજન પોતાની શક્તિ અનુસાર ભક્તિ કરે છે, તપ કરે છે, સાધના કરે છે અને પોતાની દૈનિક પ્રવૃત્તિમાં અને સ્વઉપાર્જનના વ્યવસાયમાં મશગૂલ છે એને ધર્મ શું છે એ શિખડાવવાની જરૂરત નથી. એને છેતરવો કે ભોળવવો એ ઇશ્વરને છેતરવા સમાન છે. એને માટે કોઈ અનુષ્ઠાનો, પ્રવચનો, શિબિરોની જરૂરત નથી. હાથમાં એકતારો લઈ સાંધ્ય સમયે બેચાર ઘડી ભજનમાં રત જીવને કોઈ લાલચ નથી કારણ કે એ ધર્મને પોતાની અપમાન માને છે. અંતે એક કવિતાની સ્ફુરણા થઈ છે જેને રજૂ કરું છું.

ધર્મના નામે કેટલાં ખેતરો ખેડાય
હળોતરા, વાવણી, વેખેડા, એ તો ઠીક
નિંદામણ પણ થાય.

ધર્મનાં રખોપાં સારુ
ચાડિયાઓ ઊભા કરાય,
ભાતભાતના વેશે, નવા નવા પરિવેશે,
ઉપજ પર અધિકાર કોનો?
એ માટે લડાઈ પણ થાય,

ઊપજ કેટલી?
ગણતાં ગણાય નહીં,
વીણતાં વીણાય નહીં,
અહીં તહીં ભળાય નહીં.
સઘળી ઉપજની ફરતે
કૂંડાળું મારી ગોઠવાઈ જવાય.

ધરમના નામે વાડાબંધી થાય
ધરમના કાંટે, ધરમની શાખે
ખેતરનો ચારો વાડામાં આવે,
વાડામાં ઘેટાં પુરાય.

કોણ કેટલાં ઘેટાં લાવે એની હોડ,
એ માટે પ્રપંચો રચાય.
યક્ષો, અનુષ્ઠાનો જેવાં રૂપાળાં નામો દેવાય.
પુરાયેલાં ઘેટાંઓને નવું નથી જાણવાનું,
માથું ઝુકાવી, અપાય એટલું ચરવાનું.

એકાદ ઘેટું માથું ઊંચકે
તો એને માથે શિરોમણિનો મુગટ મુકાય
મુગટના ભારથી આપોઆપ માથું ઢળી જાય.
કોઈ ઘેટું ઘરેડ બદલે, જુદા માર્ગે ચાલે
તો નવા રસ્તે લાલ જાજમ બિછાવાય.
ધોળું ઘેટું અને લાલ જાજમ,
ઘેટું બહુ હરખાય
પછી હળવેકથી જાજમ ખેંચાય
ઘેટું ફરી ટોળા ભેળું ભળી જાય.

ખેતરોનાં પ્રચલિત જૂનાં નામો
પલીવારો, કંઢેવારો, સોથીવારો વગેરે
ધર્મખેતરોનાં તો નવાં નામો
આં વારો, અસાં વારો, ફલાણે વારો વગેરે
અમુક વાડાઓ વાડવારા, અમુક વગર વાડવારા

વાડાઓ વચ્ચે વહેંચાયેલો
વાડાઓમાં પુરાયેલો
આપણો ધર્મ હોઈ શકે ભલા?

મો. ૯૮૭૯૫૦૬૦૫૯

# એકતારો

ડો. ગિરીશ વીછીવોરા

નામ પ્રમાણે એક જ તાર. એક કામ. સૌને ઝંકૃત કરવાનું. હેલો જરૂર આવી જાય કે અવનવાં વાજિંત્રો, અસંખ્ય આંટીઘૂંટી'વાળા ને અટપટા આગળ એકતારો ક્યાં ઊભો રહી શકે! ખૂબી ત્યાં જ છે. નામ પ્રમાણે જ નેમ. એની એક જ નેમ, લોકોના હૈયાને હલાવવું. અલબત્ત હવે હાંસિયામાં ધકેલાઈ ગયેલો, ઉપેક્ષિત થયેલો, પોતાના ઐશ્વર્યના દિવસો યાદ કરતો ડૂંસકાં ભરતો રહે છે. કોઈ માઈનો લાલ છંછેડે તો જોઈ લો મજા. એના અસ્સલ લિબાસમાં આવી જાય. એવાં તો સ્પંદનો ઊપસાવે, સુણનારનું હૃદય જરા પણ સાબૂત હોય, એને માટે એક અવસર બની રહે.

કોઈ પણ વસ્તુ જેટલી સાદી, સહજ, સરળ ને સુગમ એટલી વધુ સ્વીકાર્ય તો બની રહે છે, વધુ આનંદદાયક બને છે. વધુ સ્વાદિષ્ટ, વધુ ગમતી, વધુ ગમતીલી બની રહે છે. સત્તર મસાલા નાખીને બનાવેલા શાક કરતાં મીઠું, મરચું, હળદર નાખેલું તાજા ભીંડાનું શાક વધુ સ્વાદિષ્ટ થાય. ભીંડાનો સ્વાદ ને એનું સ્વત્વ કાયમ રહેતાં. કંઈક મેળવવા જતાં કંઈક ખોવું પડે છે. ચાર દિવસના જૂના ભીંડાના શાકમાં મસાલા નાખીએ તો બિચારો મરવાને વાંકે જીવતો ભીંડો પોતાની અસલિયત ક્યાં ઊપવાસી શકે? તેવું જ એકતારાનું. તાર બરાબર તંગ થયેલો હોય, તારનું કુળ અસલી હોય ને એને રમાડનાર એના સ્વરમાં જ રમમાણ રહેતો હોય તો એકતારો તમને ક્યારેય દગો નહિ દે. એના ધ્વનિથી જે નાદ ઉપસશે જે નિનાદ બની રહેશે કારણ કે એના તરંગો તીવ્ર ઊંડાણવાળા હોય છે. હૃદયથી સાંભળનારના હૃદયના ઊંડાણ સુધી પહોંચતા રહે છે. સાંભળી જે તાજગી ને પ્રફુલ્લિતતા અનુભવાય છે તે અવર્ણનીય હોય છે.

સંગીત જ્યારે સીધું, સાદું, સરળ હતું ત્યારે ગાનાર એકતારાના સહારે ક્યાંનો ક્યાં પહોંચતો. એનો સ્વર, અવાજ સાબૂત હતો. હૃદયના ઊંડાણમાંથી આવતો ને સાંભળનારાના હૃદયને સ્પર્શતો. 'વૈષ્ણવજન તો તેને કહિયે.....' એના અસ્સલ ઢંગમાં એકતારા પર ગાયકો છેડતા ત્યારે સાંભળનારનું હૃદય ઝંકૃત થતું. સોનગઢના દરજી મોહનલાલ રાયેણી એવું ગાનાર કદાચ છેલ્લા હતા. એમનો અવાજ ઓલ ઈન્ડિયા રેડિયો પર સચવાયેલો છે. 'ગાંધી' ફિલ્મમાં એની જરાક ઝલક આપણને ઝંકૃત કરી જાય છે. આશ્રમ ભજનાવલિમાં એ આમેજ કરાયું ને નિસ્તેજ થયું.

ભજનિકો એકતારાને સંગાથે, બહુ બહુ તો કરતાલ હોય, ભજનો દિલ દઈને ગાતા ત્યારે ભાવકોને એના ભાવજગતમાં પહોંચાડી દેતા. નામ પ્રમાણે એકતારો એકલવ્ય હતો. એને પોતાની પગદંડી હતી. કેડી હતી. એ કેડી પર ચાલતો અડગ ડગલે. એને પોતાનામાં વિશ્વાસ હતો. મંઝિલે પહોંચી શકતો. એક જ તાર, સાવ પાતળો નહિ, જરાક અડો તો ઝંકૃત થાય. ક્યારેય જડ ન ભાસે. એનું ટ્યુનિંગ પેલો વગાડનારો જ કરી શકે. કારણ અત્યારે સ્વરનું ટ્યુનિંગ કરવા રાહબર તરીકે

તાનપૂરો હાજર હોય. એકતારો વગાડનારનો કોણ રાહબર હતો? એ પોતાનો ખુદ જ રાહબર હતો. એનું ટ્યુનિંગ એના હૃદય સાથે થયેલું હતું. નિર્મળ હૃદયના આદમીનું હૃદય ક્યારેય એને દગો દેતું નથી.

એકતારો જ્યારે પુરબહારમાં ખીલે, એના વગાડનાર ને એનું ખુદનું સંધાન થઈ જાય, બન્ને એક થઈ જાય. દ્વૈતમાંથી અદ્વૈત થાય ત્યારે ભાવકને કંઈક થઈ જાય છે. એ કંઈક જ મુખ્ય છે. એ કંઈક અવર્ણનીય છે. એ માણી શકાય, વ્યક્ત ન કરી શકાય. તારનો ઝંકાર ભરેલો જામ- છલોછલ- જ્યારે છલકાઈ ઊઠે ત્યારે એનું વોલ્યુમ-વિસ્તાર, એનું ઊંડાણ- Depth, ને એનું Resonance - એના અવાજની મોકળાશ - દિલને હલબલાવી જાય છે. એવું શ્રવણ કોઈ વાતાનુકૂલિત, બંધિયાર હોલમાં નહીં, ખુલ્લા આસમાન હેઠળ, નિસર્ગની ગોદમાં, ટમટમતા તારલિયાના સાંનિધ્યમાં, મધરાતવીત્યે, એવા ગાઢ જંગલ વચ્ચે થાય, કોઈ રાની પશુ પસાર થતાં સાંભળે, એના પગ થંભી જાય, ત્યારે સ્વરની ખોજની મુસાફરી કદાચ શરૂ થઈ જાય.

એકમાંથી અનેક થયા. એકતારામાંથી ઓરકેસ્ટ્રા થઈ. સેંકડો વાજિંત્રો વાગે, વાતાવરણ ભરેલું જરૂર ભાસે. ક્યારેક અહોભાવ જરૂર થઈ જાય. છતાં, ત્યાં ધ્યાન એક ઠેકાણે કેન્દ્રિત ન થાય. ધ્યાન અહીંતહીં ભમતું રહે. ફળસ્વરૂપ આપણો મુખ્ય મુદ્દો-ધ્યાન કેન્દ્રિત કરવાનો, શ્રવણ કરતાં કંઈક પામવું ને ઊર્ધ્વગામી થવું માર્યો જાય છે. એવી ઓરકેસ્ટ્રામાં પણ જ્યારે એમને કંઈક નાજુક પીરસવું હોય, શ્રોતાના દિલને ઝંકૃત કરવું હોય ત્યારે બધાં વાજિંત્રો બંધ થઈ જાય છે, રહે છે ફક્ત કોઈ એક વાયોલિન કે અન્ય વાદ્ય. ઝુબિન મહેતા જ્યારે આપણને સંગીતને સહારે અધ્યાત્મના પાઠ ભણાવે છે ત્યારે કોઈ એક જ વાજિંત્ર વાગતું રહે છે. જેવા તમે સમાધિસ્થ થયા, એનો સ્પર્શ થયો કે ભડાક કરતાં બધાં વાજિંત્રો વાગી તમને મુબારકબાદી આપવા રહે છે.

બેગમ અખ્તરના સાજીંદા એટલે પેટી, તબલાં ને તાનપૂરો. મુખ્ય મોવડી, કેન્દ્રીય ચીજ એમનો સ્વર. એમના સ્વર પર જ મોહિની લાગે ને ભાવકને કંઈ થઈ જાય. 'અય મહોબત તેરે અંજામ પે રોના આયા'' શકીલ બદયુનીની આ અમર ગઝલ બેગમ સાહેબાએ એક અલગ જ અંદાજમાં ગાઈ છે. ત્યાં એમનો સ્વર કેન્દ્રસ્થાને છે, વાજિંત્રો નહિ. એ સદાબહાર છે. એ જ ગઝલને બીજા કંઈ કેટલાયે ભારતીય ને પાકિસ્તાની ગાયકોએ ઓરકેસ્ટ્રામાં ગાઈ છે. ત્યાં વાતાવરણની ઝાકઝમાળ જરૂર છે. દિલ હલતું નથી.

એકતારાની માફક જ ભાવકે એકલા નીકળી પડી કોઈ કેડી કંડારવાની રહે છે, અગર એની નિસબત ખુદને ઓળખવાની હોય. બધું સાજનમહાજન, બધો ઠઠારો, બધી આળપંપાળ, બધા રીતરિવાજો, બધી એષણાઓ છોડી, 'એકતારો' બની એ નિસર્ગની વાટ પકડે તો કુદરત જરૂર એને આવકારશે. એ જરૂર કંઈક પામશે. બધા ધર્મપ્રવર્તકો, બધા મસીહા, બધા સંત કે પીર નિસર્ગની વાટે એકલાઅટૂલા, એકલવ્ય થઈ નીકળી પડેલા. અવરોધો, લાલચો ને લમણાઝીંક છોડી 'એકતારે' મહાલતા રહ્યા ને છેવટે કંઈ પામ્યા. એકતારા પાસેથી આપણે ઘણું શીખવાનું છે.

ફોનઃ ૯૮૭૦૪૦૬૧૭૭,
૦૨૨-૨૪૦૨૪૦૨૩

# ક.વિ.ઓ. સેવા સમાજ અને 'પગદંડી'ની પોણી સદીની સમાજ-કલ્યાણયાત્રાનાં પદચિહ્નો

પ્રવીણચંદ્ર શાહ

**સમગ્ર દેશનો હીણાયેલો આત્મા ફરી-ફરી પૂછે છેઃ 'સ્વતંત્રતા'એટલે આપણા દેશે શું મેળવ્યું?**

હમણાંથી અઢી વરસ પહેલાં, એટલે સપ્ટેંબર, ૨૦૧૭ના 'પગદંડી'ના તંત્રીમંડળે તંત્રીસ્થાનેથી લખાયેલો એક અસામાન્ય લેખ પ્રકાશિત કરેલો. 'પગદંડી'નું તંત્રીમંડળ-ત્રણ સમાજ-સેવકોની ત્રિપુટી છેલ્લાં કેટલાંક વરસોથી નિઃશુલ્ક સેવા આપી રહી છે. સહેજ આશ્ચર્ય લાગે અને ઊંડો સદ્‌ભાવ અને આદર પ્રેરે તેવી બાબત એ છે કે ત્રિપુટીના ત્રણેય મોભીઓ-સર્વશ્રી અશ્વિન માલદે, શાંતિભાઈ રાંભિયા અને ચંદ્રકાન્ત નંદુ-આ ત્રણેયમાંથી કોઈ વ્યાવસાયિક કે ફ્રી-લાન્સ પત્રકાર નથી; પણ ત્રણેય ગૃહસ્થો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ છે. સી.એ. તરીકેની ડિગ્રીઓ ધરાવે છે અને વ્યવસાય વચ્ચેથી 'પગદંડી' માટે સમય, શક્તિ અને અનુભવનું સ્વૈચ્છિક પ્રદાન કરે છે.

એક બીજું, નાનકડું આશ્ચર્ય એ છે કે 'પગદંડી' માટે લખાતા તંત્રીલેખોના પ્રારંભ કે અંતે ત્રણેયમાંથી કોઈક્નુંય અંગત, વ્યક્તિગત લખનાર તરીકેનું નામ પણ આવતું નથી. એટલે, લખનાર તો કોઈ એક જ વ્યક્તિ હોય, પણ યશભાગી તો પૂરી ત્રિપુટી જ બને છે. આ સંયોગોમાં, અઢી વરસ પહેલાંના, સપ્ટેંબર, ૨૦૧૭ના અંકનો તંત્રીલેખ કોણે લખ્યો હશે, તેનું અનુમાન અત્યંત મુશ્કેલ છે. પણ મુખ્ય મુદ્દો તો એ છે કે આ તંત્રીલેખ, એક EXCELLENT, અસામાન્ય, અભ્યાસ-સભર નિષ્ઠાપ્રચુર, અણિશુદ્ધ આદર્શવાદનું પ્રતીક હતો.

સપ્ટેંબર, ૨૦૧૭ના 'પગદંડી'ના અંકના તંત્રીલેખનું શીર્ષક (હેડિંગ) જ અર્થગર્ભિત હતુંઃ 'સ્વતંત્રતા-વાણી, વર્તન અને જીવનની' એવા વિચાર અને આદર્શ-પ્રેરક તંત્રીલેખમાંના કેટલાક ભાગ (પોર્શન્સ) આ પ્રમાણે હતાઃ (મૂળ શબ્દો જ અહીં ટાંક્યા છે):

''... હાલમાં આપણા દેશનો ૭૦મો સ્વતંત્રતા દિવસ ખૂબ જ રંગેચંગે ઊજવાઈ ગયો. લાલ કિલ્લા પરથી માનનીય વડા પ્રધાનનું પ્રવચન થયું. એને આગલે દિવસે માનનીય રાષ્ટ્રપતિનું રાષ્ટ્રજોગ પ્રસારણ. દરેક પ્રાંત અને શાળાઓમાં હરહંમેશની જેમ ધ્વજ વંદન. આપણે WhatsApp અને Face Bookમાં DP અને Profile બદલાવ્યા. સંદેશા મોકલાવ્યા, શુભેચ્છાઓ પાઠવી.

''.... પરંતુ ક્યારેક પ્રશ્ન ઊભો થાય છેઃ આ સ્વતંત્રતા એટલે શું? આપણા રોજબરોજના

જીવનમાં ક્યાં મહેસૂસ થાય છે... સ્વતંત્રતા વાણીની, સ્વતંત્રતા વર્તનની, સ્વતંત્રતા રોજબરોજના જીવનની અને સ્વતંત્રતા આપણા વતનની...

''... શું સ્વતંત્રતા એટલે આપણા પ્રતિનિધિઓ ચૂંટવાનો અધિકાર? કદાચ નહીં.... સ્વતંત્રતા આપણા જીવનના દરેક તબક્કામાં જરૂરી નથી? શું આપણે આપણી ઈચ્છા અને મરજી મુજબ નિર્ણયો લઈ શકવા માટે સ્વતંત્ર છીએ ખરા...''

તંત્રીલેખ લખનારે બાળપણ, શાળા, અભ્યાસ અને કારકિર્દીની લાય, વિદ્યાર્થી જીવન, લગ્ન અને પરિવારની જવાબદારીને ટાંક્યા પછી પૂછ્યું છેઃ ''હા, પરણેલા પુરુષ માટે સ્વતંત્રતાની કલ્પના પણ શક્ય છે?'' ''... સમાજમાં રહેવાનું, વહેવાર નિભાવવાના, પરંપરાઓ પાળવી, સામાજિક રીતિ-રિવાજોની મર્યાદા જાળવવી; રૂઢિઓનું પાલન કરવાનું, ધર્મનું પાલન કરવાનું; બધું જ સંજોગ પ્રમાણે! આપણે તો દોરવાતા જવાનું, આમાં સ્વતંત્રતા ક્યાં?... ક્યારેક વિચાર નથી આવતો, આપણે આપણી પોતાની ખુશી માટે શું કરીએ છીએ? જિંદગી માણવા માટે શું કરીએ છીએ? આપણી ખુશી આપણા કાંઈક ને કાંઈક પ્રયોજન માટે મુલતવી રાખતા જઈએ છીએ...''

અને આ પછી તંત્રીલેખ લખનાર જીવન અભ્યાસુ, પ્રશાંત પણ ચુસ્ત મૌન બળવાખોર માનસિક્તાવાળા લેખકથી પુછાઈ જ ગયું છેઃ ''... જીવન જીવવાની આપણી પોતાની સ્વતંત્રતાનું શું?... શું આપણે આપણા જીવનને સ્પર્શતી દરેક બાબતમા નિર્ણય આપણી મરજી મુજબ લેવા માટે સ્વતંત્ર છીએ ખરા?''

સમાન અંગત જીવનની મનોવ્યથા નિર્દેશ્યા પછી લેખક એક વધુ ઊંચા આસને પહોંચી, દેશ અને બંધારણની બાબતોનો અગ્નિસ્પર્શ કરે છેઃ

''... આપણા બંધારણે આપણને કેટલાક ખાસ મૂળભૂત પાયાના અધિકાર આપ્યા છે. Right to Freedom, Education, religion, વિગેરે વિગેરે. જેને આપણે સ્વતંત્રતા કહીએ છીએ. પરંતુ આ બધા પાયાના અધિકારોમાં વિવિધ સરકારોએ કેટલાંય નિયંત્રણો મૂક્યાં છે. શરતો મૂકી છે. આમાંથી એક અધિકાર બાબત, એ પાયાનો અધિકાર છે કે નહીં એની સુનાવણી હાલમાં (૨૦૧૭) સુપ્રીમ કોર્ટમાં ચાલી રહી છે. પરંતુ આ વાણીસ્વાતંત્ર્ય કદાચ ઘરમાં જ અથવા અંગત વર્તુળ પૂરતું જ મર્યાદિત તો નથી થઈ ગયુંને?''

''... જ્યાં સુધી તમે કોઈને નડો નહીં, મહત્ત્વાકાંક્ષી ક્રાંતિકારી વિચારો ધરાવો નહીં, ત્યાં સુધી તો તમે સ્વતંત્ર છો જ, પરંતુ જો Face Book, What's App કે Tweeter પર પોતાનાં આવાં મંતવ્યો જણાવો તો કદાચ Information Technology Actના ઉલ્લંઘનમાં ઝડપાઈ જવાની શક્યતા છે...''

''... આજકાલ નેશનાલિઝમનો જમાનો છે. કદાચ દેશદ્રોહ (Sedition)માં પણ આવી જવાની શક્યતા છે; અને આવી કોઈ પરિભાષામાં ન આવો તો કોઈ ચોક્કસ સમૂહ, તમારા વિચારો વિરુદ્ધ તમને Troll કરાય એવી શક્યતા છે...''

''... શું તમો માની રહ્યા છો કે આજે અખબાર અથવા TVની ન્યુઝ ચેનલ નિરપેક્ષપણે અને નિર્ભયપણે ચાલી રહેલ છે? દરેક કાયદામાં અમાપ

સત્તાઓ અને દંડોની જોગવાઈઓ (છે). આપણે જન્મજાત રાજાશાહીના જમાનામાં રહ્યા છીએ. પહેલાં દેશી રજવાડાં, પછી મોગલો, મરાઠાઓ અને છેલ્લે અંગ્રેજો. આપણે એનાથી ટેવાઈ ગયા છીએ... સ્વતંત્રતા પછી પણ મોટા ભાગના સમયગાળામાં આપણે કોઈ એક પરિવારને રાજા નહીં તો રાજ-પરિવારનો દરજ્જો જાણે આપી જ દીધો હતો. પરિવારવાદ કાયમ છે. રાજાશાહીની જેમ ભ્રષ્ટાચાર આપણને યા તો નડતો નથી અથવા માફક આવી ગયો છે...''

''... આપણા ચૂંટાયેલા પ્રતિનિધિઓમાં કેટલાય પર કોઈ ગુનામાં સંડોવણીના કેસ ચાલી રહ્યા છે પરંતુ પ્રજા એમને ચૂંટતી રહી છે...''

''... કાળાં કે ધોળાં નાણાંનો જય-જયકાર છે... કૌભાંડો આપણે પચાવી ગયા છીએ...''

''સ્વતંત્રતા એટલે શું મેળવ્યું, એ વિચારવાનું રહ્યું...''

'પગદંડી'નો સપ્ટેંબર, ૨૦૧૭ના અંકનો આ તંત્રીસ્થાનેથી લખાયેલો લેખ, અઢી વરસ પછી પણ આજે ફરીથી વાંચતાં એમ જ લાગે કે આ લેખ અઢી વરસ પ-હે-લાં નહીં, પણ જાન્યુઆરી ૨૬, ૨૦૨૦ના પ્રજાસત્તાક દિને જ લખાયો લાગે છે કારણ કે સમગ્ર દેશ આર્થિક, રાજકીય, સામાજિક, ધાર્મિક અને આધ્યાત્મિક ભડભડ બળતી હોળીની આગમાં ફૂંવેફૂંવે ભૂંજાઈ રહ્યો છે.

એક તરફથી ભારત દેશના ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભાના માનનીય અધ્યક્ષ શ્રી વેંકૈયાહ નાયડુ એમ જાહેરમાં કહી રહ્યા છે (તારીખ ૨૩ ડિસેંબર, ૨૦૧૯, ૬૬મો નેશનલ ફિલ્મ એવૉર્ડ સમારંભમાં) કે Dissent, (સરકારી નીતિરીતિથી) જુદો માત ધરાવવો એ જ તો લોકશાહી, ડેમોક્રસીનું મૂળભૂત Essence, સારતત્ત્વ છે; ત્યારે તાજેતરમાં જ બીજેપીની સરકારે પસાર કરાવેલા સિટિઝન્સ (અમેંડમેંટ) એક્ટ CAAની સામે ફાટી નીકળેલા તેની સામેના દેશવ્યાપી વિરોધ અને બહિષ્કાર પોકારનારા લાખો ભારતવાસીઓ ઉપર સરકારી અમાનુષી દમનના કોરડા વીંઝાય છે.

દેશવ્યાપી બહિષ્કાર અને વિરોધને મોખરે દેશભરના યુવાનો છે, યુનિવર્સિટીઓ અને કોલેજોના વિદ્યાર્થીઓ-એટલે કે દેશની આવતી કાલની પેઢીના કરોડોનો સમાવેશ છે. એમના પર સભા-સરઘસોના પ્રતિબંધો લદાય છે, કર્ફ્યુ ઠોકાય છે, લાઠીચાર્જ થાય છે, ગેસ છોડાય છે, ગોળીબારો થાય છે, અને દેખાવકારો, CAAનો બહિષ્કાર પોકારનારાં યુવક-યુવતીઓની પોલીસ જુલ્મ સામેની મૂઠભેડ દરમ્યાન નીપજેલા નુકસાનની વસૂલી માટે ફરીથી પોલીસ-અત્યાચારો આચરાય છે.

સપ્ટેંબર, ૨૦૧૭ના પગદંડીના તંત્રીલેખના અંતે પુછાયેલો સવાલ હતોઃ 'સ્વતંત્રતા એટલે શું મેળવ્યું?'-તેનો જવાબ સમગ્ર દેશનો હીણાયેલો આત્મા ફરીથી, ફરીથી, ફરીથી પૂછે છેઃ 'સ્વતંત્રતા એટલે આપણા દેશે શું મેળવ્યું?'

મોઃ ૯૧૬૭૫ ૬૭૩૯૫
૯૯૩૦૬ ૬૦૨૪૨

# Life's Alphabet
# "P" for Persevere

**Dr. Dhiraj Chheda**

Persevere mans to be steadfast, to maintain an endeavour, to persist.

Persist and presevere, however have different connotations as at times persistence may go to the extent of insistence leaving bitter taste in the mouth!

It just occurred to me that word perceive is simply confined to an idea! thought process whereas in persevere there is a definite action, sustained actions at that and it implies a level of self esteem. Self confidence in one who does persevere to attain his/her goal, coveted objectives. Robert Bruce comes to mind, of that spider fame.

There are any numbers of examples. Thomas Alva Edison is the best example of all those who persevered, failing 999 times to invent a simple (looking) electric bulb is the height of perseverance.

In fact, in Jeevan Path (English monthly) I have written 26 articles under the heading "P" factors. I could have continued further with letter "P" but did not persevere enogh and changed to letter "E" the key letter but that is besides the point. I just wanted to emphasize that for life's alphabet: word 'Persevere' appealed to me the most!

One hardly perseveres on one's own unlike Edison. As the path is paved with unforeseen obstacles. One wonders whether one has taken up the tast beyond one's capacity, resources and all that or in the first place what on has started out to attain was not worth it! Far from it.

When one has started on a journey one knew what he was upto, when one gives up, does not persevere one loses, self confidence, self esteem, may get ridiculed or subjected to false sympathies' not to mention efforts, time and resources lost in the process.

Clarity of mind, proper date base, willingness to analyse, no half hearted measures and sustained enthusiasm are pals for the one who perseveres and SUCCEEDS.

Quote:
Perseverance, dear my lord
Keeps Honour bright.

- Ulysses (From that Classic Novel)

# Youth Day

**Nirali Sanjay Gada**

I am not in amazement that the majority of us would be even aware of any such day which is being observed at national level, resultantly the question of knowing the purpose of the day does not arise. However, let us go through each of the aspects relating to it.

As on date, Youth Day is observed by 18 countries on different dates throughout the year. Youth Day in India is celebrated on 12 January on the birthday of Swami Vivekananda.

In 1984, the Government of India declared and decided to observe the Birthday of **Swami Vivekananda** (12 January, according to the English calendar) as National Youth Day every year from 1985 onwards.

To quote from the Government of India's Communication, 'It was felt that the philosophy of Swamiji and the ideas for which he lived and worked could be a great source of inspiration for the Indian Youth.'

Some of the ideologies are as under:

*"Learn everything that is good from others but bring it in, and in your own way absorb it; do not become others."*

*"Take risks in your life. If you win, you can lead, if you lose, you can guide."*

*"Arise, awake and stop not until the goal is achieved."*

Swami Vivekananda was the perfect embodiment of intellect and humanity; he has been an inspiration for the youth of the nation and will remain so for many more generations to come. There are several anecdotes about the legendary man and his life, and while the authenticity of those stories can't be verified, nevertheless, these stories are inspiring. One of such small incidence is as under:

*Swami Vivekananda represented India and Hinduism in the Parliament of World religion, in Chicago and before going abroad, he was tested by his mother on whether he had the right to preach Hinduism.*

*After a delicious supper, both of them sat down to eat some fruits. Swami cut the fruit, ate it and after that, his mother asked him for the knife; he handed over the knife to his mother and she was more then pleased. She said 'you have passed the test and you are now eligible to preach the world,' a confused Swami questioned her what was she talking about?*

*His mother replied, "Son, when I asked for the knife, I saw how you handed it to me, you gave the knife by holding its sharp edge and kept the wooden handle of knife towards me; so that I would not get hurt when I take it and this means you took care of me. And this was your test in which you passed."*

To have compassion and being able to take good care of others is a remarkable quality, it is the law of the nature that the more selfless you are the more you will receive; and so did Swami Vivekananda.

Having stated above some of ideologies and instance, the question which gets popped up in our mind is that how one can define the term "Youth". Conventionally, period from adolescence to middle age is termed as youth. The National Youth Policy has defined the youth as in the age group 14-35.

As per India's Census 2011, Youth in India constitutes one-fifth (19.1%) of India's total population. India is expected to have 34.33% share of youth in total population by 2020. The share reached its maximum of 35.11% in the year 2010.

*(Source: Ministry of Statistics and Programme Implementation Government of India)*

It is observed that India has the relative advantage at present over other countries in

terms of distribution of youth population. India's advantage in young population is also evident when it is compared with other Asian Countries.

Youth are a source of immense energy and drive. It not harnessed and moulded properly, this energy not only goes waste, but at times becomes destructive to society. Involvement of youth in crimes and social abuse like drug addiction etc. is the consequence of this failure.

Although a majority of crimes are committed by youth by virtue of their large physical energy, there is no separate statistics for age wise segregation of criminals involved in serious crimes like murder, dacoity, theft etc.

Additionally, every year, more than 1,00,000 people commit suicide in our country, Youth (18 and above-below 30 years) is one of the vulnerable groups resorting to suicides with 33% share of total suicides.

Youth has always been of vital concern of the Government of India. Various youth development programmes are undertaken by the Union Government. There are various policies which have been introduced. The main features of the policies were that the Youth have a right as well and obligation to participate actively in shaping the destiny of the Nation. It emphasised the need to create increasing opportunities for them to develop their personalities and their functional capability and thus make them economically productive and socially useful.

The aforementioned efforts are being put at federal level. However, at community/ society level, we also have certain obligations to perform, the relevant matrix consisting of objectives along with area to work upon is tabulated below:

| Objective | Priority Area |
|---|---|
| Productive workforce that can make a sustainable contribution of society. | 1. Education<br>2. Employment and skill development<br>3. Entrepreneurship |
| Develop a strong and healthy generation euqipped to take on future challenges | 4. Health and healthy lifestyle<br>5. Sports |
| Instil social values and promote community service | 6. Promotion of social values<br>7. Community engagement |
| Facilitate participation and civic engagement at all levels of governance | 8. Youth Engagement |
| Support youth at risk and create equitable opportunity | 9. Inclusion<br>10. Fair and justified treatments |

We are perceived as one of the developing community always in India, there are countless efforts which are being made to empower unprivileged groups, women etc. Hence, it becomes pivotal to achieve above objectives related to youth since the future lies in their hands. If we can concentrate on above 10 priority areas, we would be creating society of leaders who would be focusing on inclusive and sustainable growth.

Lastly, I would like to address to each person of our younger generation that Swami Vivekananda in his short life span of 39 years could bring so much of difference to Society and India at international level, then each one of us has potential to radiate the energy of posititiy, cultivate ideas for better world, cope-up with challenges, encourage each other and have attitude of giving back more.

*"A man is not poor without a rupee but a man is really poor without a dream and ambition."*

(Kutch-Bidada)

# એક દીકરી માંગી જુઓ

સી.એ. સંજય વિસનજી છેડા

(કવિ ભાવેશ શાહ 'શહેરી'ની રચનાનો અર્થવિસ્તાર)

માન્યતાઓ બાળવા એક દીકરી માંગી જુઓ.
નામ કુળનું તારવા એક દીકરી માંગી જુઓ.
દીકરા હોવા છતાં; મા-બાપ વેઠે અંધકાર,
આયખું અજવાળવા એક દીકરી માંગી જુઓ.
સાથ છોડી દે છે લોકો પાંગળાં મા-બાપનો,
ધ્રૂજતો કર ઝાલવા એક દીકરી માંગી જુઓ.
એક દી' એ મા સ્વરૂપે લાડ કરશે બાપને,
બાળપણ ફરી માણવા એક દીકરી માંગી જુઓ.
રોપજો એમાં ખુશી; વળતર મળે છે સો ગણું,
વ્યાજ શું છે, જાણવા એક દીકરી માંગી જુઓ.

આખા જગતની જ નહિ, સ્વયં જગતના રચયિતાની પણ જનેતા એક સ્ત્રી. પ્રભુ શ્રીરામ હોય કે પછી જશોદામૈયાના નંદકિશોર કે ત્રિશલામાતાના મહાવીર કે ઈસુ ખ્રિસ્ત, દરેકને જન્મ લેવા માટે એક માતાના ખોળાનો આશરો લેવો પડ્યો અને છતાંય આખા વિશ્વમાં દરેકે દરેક સમાજ, પુરુષપ્રધાન અને એટલે જ આ પુરુષપ્રધાન સમાજના મોટા ભાગનાં રીતરિવાજ, માન્યતાઓ, રિવાજ, કુરિવાજ, બધામાં પુરુષપ્રધાન સમાજનો રણકો.

ચાહે દહેજનું દૂષણ હોય કે ને દૂધ પીતી કરવાની પ્રથા હોય, સતી થવાના કુરિવાજ હોય કે પછી દીકરીને ક્યારેક સાપનો ભારો તો સતત પારકી થાપણ કહેવાની રીત. સ્ત્રીશિક્ષણનો વિષય હોય કે ઘૂંઘટનો રિવાજ કે પછી ત્રણ વાર તલાક શબ્દ કહીને કોઈ સંબંધને પૂરો કરવાની વાત કે પછી પુત્ર જન્મે પેંડા અને પુત્રી જન્મે બરફી વહેંચવાની, કારણ વિના પક્ષપાત કરતી પ્રથા.

આવી દરેક રીતિ, આવા દરેક રિવાજ, આવી દરેક માન્યતાને ધરમૂળથી ઉખેડી ફેંકવી હોય, પુરુષપ્રધાન સમાજનો સિક્કો ઊપસેલો દેખાઈ આવે. એવા દરેક રીત, રિવાજને ફરી એક વાર સવાલોના કઠેરામાં ઊભા કરવા હોય તો એક દીકરી માંગી જુઓ. પુત્ર રતન જ સાત પેઢી તારશે એવી માન્યતા, એ પ્રણાલીને હવે તિલાંજલિ આપવાનો વારો આવી ગયો છે. એટલે જ કવિવરની રચનાની પહેલી પંક્તિ કહે છે....

માન્યતાઓ બાળવા એક દીકરી માંગી જુઓ.
નામ કુળનું તારવા એક દીકરી માંગી જુઓ.

જે દીકરાએ નાનપણમાં ''પપ્પા, કાગડો, પપ્પા કાગડો'' એમ દિવસમાં પચાસ વાર કીધું હોય અને છતાં જ્યારે એકાવનમી વાર જ્યારે એ બોલે ''પપ્પા, કાગડો'' ત્યારે પિતા જવાબમાં પહેલી વાર જેટલી મીઠાશ અને કુમાશથી કહે, ''હા બેટા, કાગડો''. અને એ જ પિતાના જીવનના છેલ્લા દાયકામાં, પુત્ર ઘાંટા પાડીને જવાબ આપે, ''સવારથી ત્રીજી વાર તમે નવા ચશ્મા માટે કહ્યું છે. કીધુંને એક વાર આવતા મહિને લાવી આપીશ. હમણાં મને મારું કામ કરવો દો.'' પિતા માટે આ શબ્દો આંખ સામે એક અંધકાર લાવીને મૂકી દે.

માત્ર દીકરો જ ઘડપણની લાકડી બની શકે, એવી જીદ, એવી માન્યતા ખોટી. આજે જમાનો એ કક્ષાએ પહોંચ્યો છે જ્યાં પુરુષસમોવડી થઈ રહેલી સ્ત્રીઓ, પોતાનાં માતાપિતાને કાંધ પણ આપે છે અને જીવનના અંતિમસંસ્કાર પણ. ત્યારે પિતાએ પોતાના કુળને તારવા માટે, એક દીકરી માંગવાનો વિચાર ખરેખર ઉત્તમ.

દીકરા હોવા છતાં; મા-બાપ વેઠે અંધકાર,
આયખું અજવાળવા એક દીકરી માંગી જુઓ.

એક બાપ ફાટેલા મોજા, કાણાં પડેલા ગંજી, વધી ગયેલી દાઢી સાથે પોતાના દરેક અભાવને દબાવી, શમાવી પોતાના ચાર પુત્રોને સાચવી શકે પણ એ ચાર પુત્રો જ્યારે એના પાલનહારને વૃદ્ધાશ્રમનો દરવાજો બતાવે ત્યારે કાળજું કંપાવી દેતી લાગણીઓ હૃદયને રડાવી નાખે.

એક એક મિનિટ જ્યાં કાપવી અઘરી થઈ જાય એવી વૃદ્ધાવસ્થા, અને એમાં જ્યારે સંતાનો ઘરમાં એક નકામી વસ્તુની જેમ અહીંથી તહીં ધકેલતા હોય. ‘‘મને ઓફિસ જવાને મોડું થાય છે’’, એમ કહીને જ્યારે પુત્ર, પિતાના હાથમાંથી સવારે છાપું ઝૂંટવી લેતો હોય ત્યારે, એ ઘર પણ એ વડીલ માટે વૃદ્ધાશ્રમથી બદતર થઈ જાય. એક માઈક્રો વાર્તા વાંચી હતી કે પુત્ર જન્મની ખુશીમાં વહેંચેલા પેંડા, વૃદ્ધાશ્રમથી સોરી અને થેન્ક્સ લખીને પાછા આવ્યા.

વૃદ્ધાશ્રમ, જ્યાં સવાર નહીં, વેહલી પરોઢથી મોડી રાત સુધી, સંસારની રેસમાં પાછળ રહી ગયેલા દરેક વૃદ્ધનું બસ એક જ કામ હોય, ‘‘રાહ જોવાનું’’. ઘડિયાળથી કેલેન્ડર વચ્ચે ઝોલાં ખાતી રહેતી એમની એ પાછલી અવસ્થા.

દર મહિને અમુક કારણવશ એક વૃદ્ધાશ્રમમાં જવું પડે છે. ત્યાં હાજર દરેક વૃદ્ધ, જેણે પોતાના જમાનામાં આખી દુનિયાને પોતાની શરતો પર નમાવી હોય, એવા દરેક પોતાના સમયના સિકંદરને જ્યારે પોતાની રૂમમાં ધક્કા મારી બહારથી તાળાં મરાતાં જોઉં ત્યારે સંસારના દરેક નિયમ પરથી વિશ્વાસ ઊઠી જાય છે. ઊગતા સૂરજને પૂજનારી આ દુનિયા, જીવનની સમી સાંજે, કોઈ છેલ્લા શ્વાસ લઈ રહેલ દીવડાને, આમ એક ખૂણામાં મૂકી આવે, એ વાત સાથે રૂંવાડાં ઊભાં થઈ જાય.

જાળિયા ખૂલે કે બંધ થાય અને એ જાળિયાની ગ્રિલના કર્કશ અવાજમાં સતત પોતાના પ્રિયજનના પગરવને સાંભળવા ઝંખતા, હિયરીંગ એઈડથી શણગારેલા કાન, તાળા મારેલ જાળિયાની બહાર આખો દિવસ પથરાયેલી રહેતી નજર અને એ ધ્રૂજતા હાથ વિશે વિચારી ભાવેશભાઈ એટલું જ ટોકે છે.

સાથ છોડી દે છે લોકો પાંગળાં મા-બાપનો,
ધ્રૂજતો કર ઝાલવા એક દીકરી માંગી જુઓ.

''દવા લીધી કે નહિ'' એની પૂછપરછ હોય કે ''નવો ઝભ્ભો હજી કેમ નથી સીવડાવ્યો''ની ચિંતા. ''હવે મારા ઘરે આવો તો ટ્રેનની માથાકૂટ છોડી, ઓલા કે ઉબેરમાં જ આવજો'', એવી જીદ. દીકરીની આ જીદ, આ રોકવું, ટોકવું. દીકરીનો આ પ્રેમભર્યો ઠપકો, એનો એ રોષ, એની એ રીસ.

જે રીતે પુત્રી માટે એનો પ્રથમ હીરો, એનો પ્રથમ આદર્શ, એના પિતા હોય. પણ સમય વીતે, વર્ષોના વહાણા વાય અને સદા પોતાની મરજી, પોતાની જીદ સાથે જીવતો પિતા, પણ દીકરી આગળ માથું નમાવી, એની દરેક રીસ, દરેક જીદ, દરેક વાતને આખી જિંદગી માથે ચઢાવે.

જ્યાં જીવનના બે કે અઢી દાયકા કાઢ્યા હોય એ ઘરમાં લગ્નનાં થોડાં વર્ષ બાદ આવતી દીકરી, હાથ ધોઈને ઘરના ટુવાલને બદલે પોતાનો રૂમાલ વાપરવા જેવું અંતર રાખવા મજબૂર થઈ જાય, પણ જ્યારે પિતાની વાત આવે ત્યારે એ પોતાનો એકપણ અધિકાર છોડવાને બદલે દીકરી મટીને મા બની જતી દીકરી માટે કવિવરનો હૃદયસ્પર્શી સચોટ શેર

એક દી' એ મા સ્વરૂપે લાડ કરશે બાપને,
બાળપણ ફરી માણવા એક દીકરી માંગી જુઓ.

નાનપણથી આ પુરુષપ્રધાન સમાજમાં એક જ વાત આપણા દરેકના ગળે ઉતારાઈ છે. દીકરો એટલે મૂડી અને પૌત્ર એટલે વ્યાજ. બસ એ મૂડી અને વ્યાજની વાતો વચ્ચે, દીકરીને બસ એટલું જ સાંભળવા મળે. ''આ શીખી લે, તો તારા ઘરે કામ આવશે''.

અને જ્યારે એ દીકરી, નવા ઘરે, જ્યાં એ પોતાનું નામ, અટક અને સરનામું બદલી પોતાનું આખું આયખું સોંપવા, એ કુળને આગળ વધારવા એ ઘર, પરિવાર, એ કુળ માટે પોતાનું સર્વસ્વ હોમી દે, અને છતાં નાનકડી એવી ભૂલમાં પણ એને તરત સાંભળવા મળે. ''તારા ઘરે એ બધું ચાલતું હશે. અહીં નહીં ચાલે''.

વિધિની કેવી વક્રતા. અડધી જિંદગી એક ઘરે, અડધી જિંદગી બીજા ઘરે અને છતાં ન આ ઘર એનું, એ પેલું ઘર એનું. અને તેમ છતાંય, ચિતા સુધી પહોંચે ત્યાં સુધી બન્ને ઘરની ચિંતામાં અડધી અડધી થઈ જતી દીકરીમાં ખુશીઓના વાવેતર કરવાનું કહેતો કવિવરનો આ છેલ્લો શેર

રોપજો એમાં ખુશી; વળતર મળે છે સો ગણું,
વ્યાજ શું છે, જાણવા એક દીકરી માંગી જુઓ.

# આત્મહત્યા નિવારી શકાય છે.-૪

ડૉ. મણિલાલ ગડા/ડૉ. દીપ્તિ શાહ (ગડા)

આગળના લેખોમાં આપણે જાણ્યું કે મરવાના વિચારો આવવા, આત્મહત્યાનો પ્રયાસ કરવો એ માનસિક બીમારીનાં લક્ષણો છે. આ વિચારોનું યોગ્ય મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ કરવું અગત્યનું છે જેથી આત્મહત્યા નિવારી શકાય. મનોવૈજ્ઞાનિક પૃથ્થક્કરણ (Psychiatric Evaluation) નીચેના મુદ્દાઓને લક્ષમાં લઈ કરાય છે (૧) મરવાના વિચારો કેટલી વખત આવે છે? (વારંવાર/ક્યારેક/જવલ્લેજ) (૨) કયા સંજોગોમાં આ વિચારો આવે છે? (૩) સબળ કે પરોક્ષ વિચારો આવે છે? (૪) આત્મહત્યા કેવી રીતે કરવી (પદ્ધતિ/રીત) એ વિષેના વિચારો આવે છે (૫) આત્મહત્યા કરવાનું પ્રયોજન મનમાં કરી લીધું છે? આત્મહત્યા કરવાની પદ્ધતિ માટે જોઈતી સામગ્રી એકઠી કરી લીધી છે?

આપણે એ પણ જાણ્યું કે વિશ્વ આરોગ્ય સંસ્થાનાં સંશોધનો તથા અન્ય મનોવૈજ્ઞાનિક સંશોધનો દ્વારા સાબિત થયેલ છે કે આત્મહત્યા કરનાર વ્યક્તિએ આત્મહત્યા કરવાના થોડા દિવસો પહેલાં આત્મહત્યા કે મરવાના વિચારો વ્યક્ત કર્યા હોય છે. પરિવારજનો કે નજીકના મિત્રો આ વિચારો કે લક્ષણો પ્રત્યે જરૂરી ધ્યાન આપતા નથી. દુર્લક્ષ કરે છે. એક અન્ય ગેરસમજ વિષે આપણે મનોવૈજ્ઞાનિક જાણકારી મેળવી કે આત્મહત્યા/મરવાના વિચારો વિષે સહાનુભૂતિપૂર્વક ચર્ચા કરવાથી એ વ્યક્તિનું મન હળવું થાય છે. અપરાધભાવ ઓછો થાય છે. મનોચિકિત્સક તટસ્થાતાપૂર્વક (કોઈપણ જાતના નકારાત્મક પ્રતિભાવ વ્યક્ત કર્યા વગર) ધ્યાનથી વિચારો સમજવા પ્રયત્ન કરે છે જે ડોક્ટર-પેશન્ટ સંબંધને હકારાત્મક દિશામાં લઈ જાય છે તથા સારવારમાં મદદ કરે છે.

આ લેખમાં સારવાર વિષે મનોવૈજ્ઞાનિક માહિતી મેળવીએ.

વ્યક્તિ પાસેથી આત્મહત્યા/મરવાના વિચારો તથા અન્ય માહિતી મેળવી તથા નજીકના પરિવારજનો પાસેથી માહિતી મેળવી મનોવૈજ્ઞાનિક નિદાન કરાય છે તથા એ પ્રમાણે વ્યક્તિગત સારવાર કરાય છે. સારવાર નીચેની પદ્ધતિએ કરાય છે.

**(૧) સાયકોએજ્યુકેશન (Psycho-education):**

સારવારનો શરૂઆતનો મહત્ત્વનો તબક્કો છે. આમાં વિચારો તથા મનોવૈજ્ઞાનિક બીમારી વિષે વૈજ્ઞાનિક માહિતી વ્યક્તિ (દરદી) તથા પરિવારજનોને આપવામાં આવે છે. આ માહિતી સૌ કોઈ સમજી શકે (તથા પચાવી શકે) એવી રીતે સાદી સરળ ભાષામાં આપવામાં આવે છે. આથી દરદી તથા પરિવારજનોનો સમજણપૂર્વકનો સહકાર સારવાર માટે મળી રહે છે.

આધુનિક સંશોધનો (સીએટી (CAT)) સ્કેન, એમ.આર.આઈ. (MRI) સ્કેન, ફંક્શનલ એમ. આર.આઈ. (bnMRI) પેટ (PET) સ્કેન) દ્વારા પુરવાર થયેલ છે કે **આત્મહત્યા/મરવાના વિચારો ન્યુરોટ્રાન્સમીટર્સની માત્રામાં થતા ફેરફારોને લીધે છે.** ડિપ્રેશનની બીમારીમાં મગજમાં આવેલા મનના અવયવોના ન્યુરોનની રચનામાં ફરફારો થાય છે જેને લીધે મગજનાં રસાયણોની (ન્યુરોટ્રાન્સમીટર્સની) માત્રામાં ફેરફારો થાય છે. આ ફેરફારોની નકારાત્મક અસર મનના અવયવો પર થાય છે તથા મનનાં

કાર્યો (વિચારો, વાણી, વતણૂક, લાગણી, યાદશક્તિ, ગ્રહણશક્તિ વગેરે) પર નકારાત્મક અસર થાય છે. આથી બાહ્ય પ્રસંગની નકારાત્મક અસર પણ પ્રમાણથી વધારે થાય છે અને આત્મહત્યા/મરવાના સબળ વિચારો આવે છે.

ઉપરોક્ત સમજણને લીધે મનોચિકિત્સા માટે યોગ્ય સહકાર મળે છે. જેથી સારવારનાં પરિણામો હકારાત્મક તથા ત્વરિત મળે છે.

**(૨) દવાઓ (Medicines):**

આગળના લેખમાં જણાવેલ મુજબના મનોવૈજ્ઞાનિક પૃથકકરણના મુદ્દાઓ (પગદંડી ડિસેમ્બર ૨૦૧૯ અંક પાના નં. ૩૨-૩૩) લક્ષમાં લઈ નિદાન કરવામાં આવે છે કે આત્મહત્યાના વિચારો સબળ છે કે નહીં.

મુદ્દા નં. ૪ તથા ૫ હોય તથા અન્ય મુદ્દાઓ અ,બ,ક,ડ હોય તો વ્યક્તિ આત્મહત્યા કરવા માટે કૃતનિશ્ચયી છે એના માટે **તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરી સારવાર કરવી અગત્યનું છે.** અન્યથા આઉટ પેશન્ટ તરીકે સારવાર કરાય છે પરંતુ પરિવારજનોએ સતત નિરીક્ષણ તથા સાવચેતી રાખવી જરૂરી છે કે વ્યક્તિને આત્મહત્યા માટે મોકો ન મળે.

નિદાન પ્રમાણે યોગ્ય દવાઓ અપાય છે. શરૂઆતમાં દવાઓ પરિવારજન જ વ્યક્તિને આપે છે જેથી વધારે પડતી દવાઓ દરદી ન લે.

દવાઓ દ્વારા મનના અવયવોમાં થયેલી ન્યુરોટ્રાન્સમીટર્સની માત્રા નોર્મલ કરાય છે. આથી મનનાં કાર્યો નોર્મલ થાય છે. નકારાત્મકતા ઓછી થઈ સકારાત્મક વિચાર આવે છે. પરિસ્થિતિનો સામનો કરવાની માનસિક ઊર્જાનો વધારો થાય છે.

**(૩) કાઉન્સેલિંગ (Counseling):**

કાઉન્સેલિંગ સારવારનો અગત્યનો હિસ્સો છે. કાઉન્સેલિંગ માટે મહત્ત્વનો મુદ્દો છે કે દરદી કાઉન્સેલિંગમાં થતી ચર્ચામાં સક્રિય ભાગ લઈ જાતે નિર્ણય કરે જેથી એ પ્રમાણે લીધેલ નિર્ણયો અમલમાં મૂકી શકાય. આ માટે શરૂઆતમાં દવાઓ દ્વારા સારવાર કરવી અગત્યની છે. દવાઓની હકારાત્મક અસર બાદ કાઉન્સેલિંગ દ્વારા સારવાર કરાય છે.

કાઉન્સેલિંગ સેશન્સમાં દરદીને શાંતિપૂર્વક, સમભાવથી સાંભળવામાં આવે છે. મનોચિકિત્સક કોઈપણ પ્રકારના નકારાત્મક પ્રતિભાવ આપતા નથી. પરિસ્થિતિ તથા સંજોગોનો સામનો કરવાના અલગ અલગ વિકલ્પો વિષે નિખાલસ ચર્ચા કરી યોગ્ય નિર્ણયો લેવા માર્ગદર્શન કરે છે. આખરી નિર્ણય દરદી જાતે લે છે.

આથી દરદીનું મનોબળ તથા આત્મવિશ્વાસ વધે છે. પરિસ્થિતિનો સામનો કરવાના નિર્ણયો લે છે, નિર્ણયો અમલમાં મૂકે છે અને જે પરિણામ આવે તે માટે માનસિક રીતે તૈયાર રહે છે.

**(૪) ફેમિલી થેરાપી:**

નજીકના કુટુંબીજનો જોડે ચર્ચા કરી હકીકતની જાણકારી મેળવાય છે. એમની લાગણી, વલણ તથા વર્તનની દરદી પર થતી અસર વિષે ચર્ચા કરાય છે. જરૂરી બાબતમાં વલણમાં ફેરફાર કરવાનું મહત્ત્વ સમજાવવાનો પ્રયત્ન કરાય છે.

પરિવારજનો સાથેના સુમેળભર્યા સંબંધો બનાવવા તથા સંબંધો જાળવી રાખવા ચર્ચા કરવામાં આવે છે.

ઉપરોક્ત સર્વે મુદ્દાઓ દ્વારા સારવાર કરવામાં આવે છે. જેથી યોગ્ય હકારાત્મક પરિણામ મળે છે તથા આત્મહત્યા નિવારી શકાય છે.

**આત્મહત્યાના વિચારો કે પ્રયાસ મનની બીમારીનાં લક્ષણો છે.** આત્મહત્યાના વિચારોને ગંભીરપણે લઈ, યોગ્ય નિદાન કરી, યોગ્ય મનોચિકિત્સા અત્યંત આવશ્યક છે. આથી આત્મહત્યા નિવારી શકાય છે.

# પહેલ

**લોપા ધરોડ (મારૂ)**

પત્રિકામાં 'પહેલ'ના મથાળા હેઠળ તમે અવારનવાર જાહેરાત જોઈ હશે. કદાચ વાંચીને ભૂલી પણ ગયા હશો. આજે આ 'પહેલ'ને થોડું વિસ્તારથી જાણીએ. સાથે શ્રી કવિઓ સેવાસમાજના તે દરેક પરિવારને ટહેલ કરવી છે જેમને ત્યાં Special Child છે. તમને ભગવાને ખાસ વ્યક્તિ સમજી, તમે દરેક પડકારને ઝીલવા સક્ષમ છો તે જાણી, તમારા ઘરે દિવ્ય બાળકને મોકલાવ્યાં છે. તો તેમના પરિવારની દરેક વ્યક્તિ મનથી તેમને સ્વીકારો. ઈશ્વરે, આ બાળકના નવા જન્મને સાર્થક બનાવવા તમે નિમિત્ત બનો એ જ અભિલાષા સાથે તમારા આંગણે તેમને મોકલાવ્યા છે. તો તેમના અસ્તિત્વને અનુરૂપ કેળવણી જરૂર આપજો. આ જ પહેલના દરેક સભ્યનું ધ્યેય છે.

શ્રી કવિઓ દેરાવાસી જૈન મહાજન, મુંબઈ અને શ્રી કવિઓ સ્થાનકવાસી જૈન મહાજન, મુંબઈના સહયોગથી શ્રી કવિઓ સ્પોર્ટ્સ અભિયાન શરૂ થયું. 'સ્વસ્થ સમાજ-સમૃદ્ધ સમાજ'નો અવાજ એ હદે બુલંદ બન્યો કે આજે ગામેગામમાં, પરામાં રમતગમત પ્રત્યે, સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ આવી છે. નાના-મોટા દરેક સાથે મહિલાઓ પણ આગળ આવી રહી છે. વધુમાં વધુ લોકો મેરેથોન, રમતગમતમાં ભાગ લઈ રહ્યા છે. લોકો wealth કરતાં પહેલાં health આવે, તે સ્વીકારી રહ્યા છે.

બન્ને મહાજનના સેવાભાવી કાર્યકરોના મનમાં એક પ્રશ્ન ઉદ્‌ભવ્યો કે, શું સમાજના દરેક વર્ગને આવરી લેવાયો છે? તેમના મનમાં ઉત્તર આવ્યો, હજી Special Population તો બાકી છે. ત્યારે 'પહેલ'નો જન્મ થયો. સમાજમાં ચાલી રહેલી અવનવી પ્રવૃત્તિઓમાં, એક નવી દિશા તરફનું પ્રથમ પગથિયું એટલે Individual with Special Need (દિવ્યાંગ) માટે કંઈક નોખું કરવાનો ઉદ્દેશ, એ જ **PEHEL** - પહેલ. આની પૂરી જવાબદારી નાની વયમાં ઉપાડી લેનાર વૃત્તિકા નીરવ ગંગર-નાગલપુર અને પૂજા મયંક ગાલા-નાના આસંબિયા, આ બાળકો સાથે બાળક બની તેમનામાં ખોવાઈ જાય છે. બન્ને મહાજન તથા સેવાભાવી કાર્યકરો, તેમના માટે, મોટું પીઠબળ છે. પોતાના વ્યાવસાયિક સમયમાંથી, પરિવારની જવાબદારી સાથે, ખૂબ જ સહજતાથી અને આનંદથી આ સેવાયજ્ઞમાં જોડાઈ જનાર, આ બાળકોમાં ઊર્જાનો સંચાર કરે છે. દરેક બાળકના ચહેરા પર અનેરી ખુશી છલકતી જોવા મળે છે.

'પહેલ' દ્વારા વર્ષમાં ત્રણથી ચાર કાર્યક્રમનું આયોજન થાય છે. જેમાં પાર્ટી, અવનવા વર્કશોપ, માતા-પિતા માટે વર્કશોપનું આયોજન થાય છે. આ બાળકોને સાબુ, ચોકલેટ, ગિફ્ટ બોક્સ અને એન્વેલપ જેવી અવનવી વસ્તુઓ બનાવવાનું શીખવવામાં આવે છે. તેમની વય મુજબ થતા કુદરતી ફેરફારને સમજવા માતાપિતા માટે માર્ગદર્શન અપાય છે. સરકાર દ્વારા તેમને મળતી સવલત, સર્ટિફિકેટની માહિતી આપી બનાવવામાં મદદ કરવામાં આવે છે. હાલમાં પહેલમાં અંદાજિત ૧૫૦+ બાળકોની નોંધણી છે. જેમાં ૫ વર્ષથી શરૂ કરી ૫૦++ સુધીના પણ છે. હું તેમને બાળક કહીને એટલે સંબોધું છું, કારણ આ બાળકો ઉંમરથી વયમાં નાનાં લાગે છે. કેટલા પણ વર્ષનાં હોય તેઓ સૌ નાના બાળક જેવા નિર્મળ, જે મનમાં હોય તે કહી દેનારા, સંકોચ નહિ, જરાક

પ્રેમ આપો તો પૂર્ણપણે તમારા થઈ જાય તેવા, નિર્દોષ હોય છે. ન કપટ, ન લાલસા, બસ પોતાની જ દુનિયામાં ખોવાયેલા હોય.

'પહેલ' દ્વારા ૨૫ ડિસેમ્બર ૨૦૧૯ના ચિંચપોકલી શાળામાં આ બાળકો માટે ક્રિસમસ પાર્ટીનું આયોજન કરવામાં આવેલું. જેની થીમ હતી, પાયજામા પાર્ટી. બધાં બાળકો સાથે કોઈકનાં મમ્મી તો કોઈકનાં મમ્મી-પપ્પા બંને તો કોઈકનાં ભાઈ-બહેનોએ પણ તેમાં ભાગ લીધો હતો. જ્યારે આ કાર્યક્રમમાં બાળકો પ્રવેશતાં હતાં ત્યારે દરેક બાળકની નજર પોતાના મિત્રને શોધતી હતી. ખૂબ ઉમળકાભેર તેઓ એકબીજાને મળતા હતા. કોઈ ડાન્સ કરતું હતું તો કોઈ ગીત ગાતું હતું. સાથે પ્રવેશદ્વાર પર જ આપવામાં આવેલ સાન્ટા ક્લોઝની ટોપી, ચશ્માં, હેરબેન્ડ, અને હાથ અને મોઢા પર દોરવામાં આવેલ ટેટૂ એકબીજાને બતાવતા હતા. તેમના ચહેરા પર છલકાતી ખુશી જાણે દરેકના મનને આનંદથી ભરી રહી હતી. સાથે આવેલ પરિવાર પણ તે જ આનંદથી એકબીજાને મળતા હતા.

જોડકણાં સાથે ગણેશ સ્તુતિ કરી શરૂ થયેલી ક્રિસમસ પાર્ટીમાં, પપેટ દ્વારા વાર્તાના આયોજનમાં ક્રિસમસનું આયોજન શું કામ થાય છે, તેની માહિતી આપવામાં આવી. સાથે એક નાનકડી પપેટ વાર્તા દ્વારા, એકમેક સાથે મળીને રહેવું, એકબીજાને સાથ આપવો અને આપણે બધા મિત્રો છીએ જેવો સંદેશ આપવામાં આવ્યો. અને... આ બાળકોએ વાર્તા પૂરી થતાં આ સંદેશને ખૂબ સારી રીતે મનમાં ઉતારી પણ લીધો. કારણ વાર્તા પૂરી થતાં દરેકે આ સંદેશની વાત કરી. અને તે તેમના વર્તનમાં પણ જોવા મળ્યું. એક છોકરાને ધીરે ધીરે દેખાવાનું ઓછું થઈ ગયું છે. જ્યારે તે છોકરો એક જગ્યાથી બીજી જગ્યાએ જતો હતો ત્યારે બીજાં બાળકો તેનો હાથ પકડી તેને દોરતાં હતાં. તે બીજાં બાળકો પણ special child જ હતાં. છતાં સામાન્ય વ્યક્તિની જેમ સમજ દેખાડી રહ્યાં હતાં.

ત્યારબાદ આ બાળકોને રેમ્પ વોક કરવાનું કહેવામાં આવ્યું, દરેક બાળકે ઉત્સાહથી તેમાં ભાગ લીધો. પરિવારે પણ તેમાં ભાગ લીધો. ઈનામ પણ જાહેર થયાં. જેને ઈનામ મળ્યું તેમને બીજાં બાળકોએ અતિ ઉત્સાહથી વધાવી લીધા. ન કોઈ અફસોસ કે ન કોઈ દલીલ. અંતમાં ડાન્સ શરૂ થયો. કહેવાય છે ઈશ્વર એક વસ્તુ લે છે તો કંઈક તો આપે છે. કોઈ બાળક આર્ટિફિશિયલ ફૂલના બુકે બનાવે છે તો કોઈ રસોઈમાં માહેર છે. આમાં સ્ટેટ લેવલ અને ઈન્ટરનેશનલ સ્વિમિંગમાં જનાર અને પારિતોષિક મેળવનાર દીકરીઓ પણ હતી. તેમના IQ પ્રમાણે તેમને શિક્ષા આપવી પડે. તેમને ખાસ શાળામાં દાખલ કરવા પડે. તેમના સ્વભાવમાં ઘણાં પરિવર્તન આવતાં રહે માટે તેમને ખાસ શિક્ષકની જરૂર પડે.

એ જાણવું જરૂરી છે, જ્યારે એક ખાસ બાળક ઘરમાં જન્મ લે ત્યારે પરિવારના સભ્યની મનોદશા શું હોય? શું તેનાં માતા-પિતા માટે તેને સ્વીકારવું સહજ હોય છે? કહેવાય છે જે વાતની અપેક્ષા ન હોય અને એ થાય તો સ્વીકારવી સહજ નથી હોતી. શરૂઆતનાં વર્ષો તો જે સલાહ મળે ત્યાં બાળક લઈ દોડી જવું ખૂબ સ્વાભાવિક છે. કારણ એ જ કે આપણું બાળક સામાન્ય બની જાય. દોડી થાકીને હસતા મુખે થોડાં વર્ષ પછી પરિવાર બાળક ખાસ છે, તે સ્વીકારી અપનાવી લે છે. ત્યારે આ બાળકની મમ્મીઓની સહનશીલતા દાદ માંગી લે છે. પરિવારના બીજા સદસ્ય, ઘરમાં બીજાં સામાન્ય બાળકો સાથે દરેકના સમય સાચવીને આ બાળકને ખાસ તાલીમ મળે તે માટે, તેમના તબીબી પરીક્ષણથી લઈ અલગ અલગ થેરપી

માટે, એક જગ્યાએથી બીજી જગ્યા પર દોડવું સાવ સહેલું નથી. 'પહેલ' દ્વારા આ પરિવાર ભેગા થયા ત્યારે એક નવા પરિવારનો તેમના માટે જન્મ થયો. પોતાની રોજિંદી ઘટમાળમાં આવતી અનેક મુશ્કેલીઓને પહોંચી વળવા તેમને નવું જોમ અને નવા વિચાર મળ્યાં. સાથે એકમેકની ચર્ચાથી નવી જાણકારી મળી.

ખાસ બાળકોની મમ્મી ખાસ હોય છે. તેમના બધા ગમા-અણગમા, શોખ, દરેક પળ આ બાળક સાથે વીંટળાઈ જાય છે. આવી ડાન્સ પાર્ટીથી તેમના જીવનમાં પણ મસ્તીના રંગ પુરાઈ જાય છે. તે મમ્મીઓના જ શબ્દમાં, અહીં આવીને અમે થોડુંક જીવી લઈએ છીએ. અમારી બધી મૂંઝવણને બાજુ પર મૂકી દઈએ છીએ. 'પહેલ ટીમ'નું એક જ ધ્યેય છે, વધુ એ પરિવાર આગળ આવે જેમને ત્યાં ખાસ બાળક છે. તે બાળકોને સમાજમાં એક ઓળખ આપવી છે. તેમના જીવનની દરેક ક્ષણને જીવંત બનાવવી છે. એટલે જ કચ્છી મેરેથોનમાં આ બાળકોને લેવામાં આવે છે.

મારા માટે લખવું સહજ છે. પણ જે પરિવારમાં આ ખાસ બાળક જન્મ લે ત્યારે તેને સ્વીકારવું એટલું સહજ નથી હોતું. જે બદલી નથી શકવાના તેને સ્વીકારતાં શીખી જઈએ તો આપોઆપ તેમના ઉછેરમાં, તેમના કૌશલ્યમાં, તેમની લાગણીમાં અનેક નવા રસ્તા મળી આવશે. આ પરિવારના એક સભ્યનું કામ નથી કારણ અહીં એકમેકની હૂંફ અને જવાબદારી મોટો ભાગ ભજવે છે. તો ચાલો સાથે મળી 'પહેલ' કરીએ. જો તમારા ઘર-પરિવારમાં આવું દિવ્યાંગ (ખાસ) બાળક હોય તો પહેલના મેમ્બર બની તેમના જીવનને નવી દિશા આપવાની 'પહેલ' જરૂર કરીએ.

મો. ૯૮૯૨૬૬૬૦૪૯/૯૯૮૭૭૨૩૬૯૭
Email: lopadharod@gmail.com

## ઊર્મિલહર

સંપાદક: **વિશન નાગડા**

**મિઠા,**

હલૉ, હલોં ઈગીયા કાનેં-મંતર વિગરજેં કચ્છી શબ્દેં જે પંધમેં.!

માડૂ વાટોવાટ હલ્યો વેંધો વે, નેં ઑચંધે પડખે તેં નજર કરે નેં, સામેં જ કણલ બેરૉડ઼ી પિઈ ખીંકારે! હથમેં સેંથી વે, ભેરો ગંભીલો પ વે ત કુરો કરે? રખે હેઠ ગંભીલો ન ડે મથા છાંભ ને જુકો ઢિગ થીયેં તેંકે કુરો ચોંધા? ભાભ? ક ભાભ જા વડા ભાગ! ઊ ભાભ/ભાગ કેંજો ડિનલી કુધરતજો!

અજ રેગ્યુલર શબ્દેંજી વાટ તેં હલંધે પડખે તા જુકો બેર પધરા ડિસજેં તા તેંકે જ કરીયૂં હથૂકા.

ત ગિનૉ હી બેરેંજી/શબ્દેંજી/પ્રયોગેંજી હિકડ઼ી મુઠ! મૂર શબ્દ જુકો પાં લિખ્યોવો સે આય... ''રછ'' જેંજો અડ઼થ પણ પાં ડિનૂં ''માછલાં પકડવાની જાળ''. અજ હાણે ઈ શબ્દ પાંનૂં પર્યા થિઈ વ્યો આય. ઈતરે ઈનજા પ્રયોગ પ જાંખા પિઈ વ્યા અઈં પ પાંજા માવતર જુકો પ્રયોગ નિત-ડાનકી વાપરીંધા વા સે અઈં...!

(૧) રછ ડીણાં-મોટાં મોટાં ગપ્પાં હાંકવાં

(કોઈપણ હિસાબે માન્યામાં ન આવે એવાં ગપ્પાં)

(૨) રછ ડીણાં -જેમ તેમ નબળી ગુણવત્તાવાળું- ધ્યાન દીધા વિનાનું કામ કરવું. (વાક્ય) ''મિસ્ત્રી કમ સોંજો કજા ભલા! રુગા રછ મ ડીજા.''

(૩) રછ વિજણાં-કોઈની પાસેથી પૈસા ઈત્યાદિ કઢાવવા યોગ્ય પેંતરો રચવો.

રછ-માછલાં પકડવા માટેની જાળીની જેમ કોઈને સપડાવવા હોય, કોઈનો લાભ લેવો હોય તો કળપૂર્વક પ્રયત્ન કરવા પડે એ માટે કચ્છી લોકવાણી રછ વિજણાં એવો પ્રયોગ કરે છે.

આં વટે રછ જા કોય પ્રયોગ વેંત હૅર બેરેંજી મુંધ આય મુંધેં મિલે સે માલ પોય 'ગુંધ' મિલેં તાંય કૅડ઼ે કમજા!

ત કયો પડખે તેં નજર ને કો કણલ બેરૉડ઼ી ડિસજે ત પોય વેસલો મ કજા

બેરેં જૅડા રતા શબ્દ/પ્રયોગ આંકે ખીંકારીએં તા ભલા અઈં ઉનીંજી ખીંકાર વારીંધા ન!

આંજે ફોનજી વાટ ન્યારીંધલ

આંજો,

**વિશન**

**૨૬૬૭૩૦૫૫**

***

**'વેદના'**

સોઈ દોરાનાં સંગાથે તેં ફૂલોના હાર બનાવ્યા,
વરરાજાના સહેરાઓ તેં કેટલી વાર સજાવ્યા?
કોઈ પૂછે જો પાંખડીઓથી એના દિલની વાત,
કે કોઈની વેદનાના ભાર તેં શું કામ શણગાર્યા.

**-પ્રવીણ ગોગરી-'પ્રેમ'**

ફો. : ૨૮૯૫૩૪૫૯

***

**મુમુક્ષુનું મોક્ષ-પ્રયાણ**

મોક્ષને મારગ ચાલી કાયા, મોક્ષને મારગ ચાલી,
સાથ જગતનો છોડી દઈને પ્રભુની આંગળી ઝાલી...
મોક્ષને મારગ ચાલી કાયા, મોક્ષને મારગ ચાલી.

પરમાત્માથી ભૂલો પડીને આત્મા જગમાં આવ્યો,
મુક્તિ માટે મથ્યો પરંતુ લેશ નહીં એ ફાવ્યો.
આ દુનિયાની મોહમાયાથી મન ગયું કંટાળી...
મોક્ષને મારગ ચાલી કાયા, મોક્ષને મારગ ચાલી.

આ ધરતીના સંબંધ કેરો દોરો સાવ જ કાચો,
ભુલ-ભુલામણી ભરેલ જગમાં પંથ પ્રભુનો સાચો.
આ સંસારનું પાત્ર મને હવે લાગે છે ખાલી...
મોક્ષને મારગ ચાલી કાયા, મોક્ષને મારગ ચાલી.

મારગ મારો અતિ વિકટ છે, પંથમાં નડશે વિઘન,
એ સર્વે વિઘ્નોની સામે લડતું રહેશે મારું મન.
મુસીબતોની વચ્ચે પણ હું લઈશ મને સંભાળી...
મોક્ષને મારગ ચાલી કાયા, મોક્ષને મારગ ચાલી.

જગની આ જંજાળથી મારું મન ચહે છે મુક્તિ,
રાત ને દિન કાયા શોધી રહી'તી એ મુક્તિની યુક્તિ.
અંતે સંતજનોની વાતો મનને લાગી વહાલી...
મોક્ષને મારગ ચાલી કાયા, મોક્ષને મારગ ચાલી.

મહાસાગરમાં કૂદી છે કાયા, હવે હિમ્મતથી તરશે,
તોફાનોથી ટક્કર ઝીલી મોક્ષને ચોક્કસ વરશે.
હવે તો હું પુષ્પ પ્રભુનું, એ જ છે મારો માળી...
મોક્ષને મારગ ચાલી કાયા, મોક્ષને મારગ ચાલી.

**– અરવિંદ કરસનદાસ રૂખાણા**

૯૨૨૩૪૫૮૮૦૮

***

## સાચો સ્નેહ

એ છે સાચો સ્નેહ, ભાઈ! એ છે સાચો સ્નેહ,
સેવા-સમર્પણ તણી લાગણી સદા બતાવે નેહ
એ છે સાચો સ્નેહ, ભાઈ! એ છે સાચો સ્નેહ

સાચા સ્નેહનો મહેલ ચણાયે ત્યાગના પાય ઉપર,
સાચો સ્નેહ સદા રહે છે મોહ-માયાથી પર,
સ્નેહી કેરા શ્રેયને કાજે કરે પ્રાર્થના જેહ,
એ છે સાચો સ્નેહ, ભાઈ! એ છે સાચો સ્નેહ

વિશ્વાસ કેરો શ્વાસ જ રાખે સાચા સ્નેહને જીવિત,
એકબીજાના ગુણલા ગાઈ કરે પરસ્પર પ્રીત,
સાચો પ્રેમી કદી કરે ના સ્નેહી પર સંદેહ;
એ છે સાચો સ્નેહ, ભાઈ! એ છે સાચો સ્નેહ

શિરી-ફરહાદ લયલા-મજનૂ, રાધા-કૃષ્ણ ને મીરા,
અમર થઈ ગયા સદાને માટે શુદ્ધ સ્નેહના હીરા.
મનથી ચાહ્યા એકબીજાને, મલિન કર્યા ના દેહ;
એ છે સાચો સ્નેહ, ભાઈ! એ છે સાચો સ્નેહ

પવિત્ર પ્રેમ અમર રહે છે યુગો ભલેને વીતે,
સૃષ્ટિના સમરાંગણ પર તો એ જ સદાય જીતે,
લાખો વિઘ્નો આવે તોય સદાય વરસે મેહ;
એ છે સાચો સ્નેહ, ભાઈ! એ છે સાચો સ્નેહ

**– અરવિંદ કરસનદાસ રૂખાણા**

૯૨૨૩૪૫૮૮૦૮

***

## કછી કાવ જી વાછંઢ

## મરણૂં ખપેતો

પોથા વાંચે સે કડેં પ્રેમ ન મિલે
પોથે નું પાર પુજણૂ ખપેતો
અઢઈ અખર ઉરમેં ઉતારેલા
''અગમ'' મથો લાયને મરણૂં ખપેતો.

*

### ખીચો

અધમ મ કર અવરો ભની,
ડેલી જો ઉજી વેંધો ડીયો
આંધારો થિઈ વેંધો ઉરમેં,
પોય ડાચો થિઈ રોંધો ખીયો.

*

### મત

મત ભલેં ગિનજા યાર
પણ કેંજી પત મ ગિનજા.
હિન્ધુસ્તાન જે હીંયે તેં.
''અગમ'' કડેં પણ લત મ હણજા

*

### સફર મેં અઈયાં

સફર મેં અઇયાં , સભર મેં અઈયાં,
માલક જે હિન મિંધર મેં અઈયાં.
અઈયૉ ફકીર હિન ખલક મથે.
ઈન ફકીરી જી ફિકર મેં અઈયાં.
નૈંયાં પિંઢ નું બાર ક ધરા નું ધાર.
ઉન સમાઙેજી સફર મેં અઈયાં.
વજેતો જુકો જીયણ જો જંતર.
ઉન જંતર જે અંતર મેં અઇયાં.
આય નામગો વડો જિન નગર જો
ઉન ''અગમ''નાં જે નગર મેં અઈયાં.

***

### સાથ

અખ વતાય અવરો મ કુછ,
તૉજી નોંધ ગિનેતો નાથ.
જડેં કિતાભ ખુલીધી કાંમેં જી,
તૅર સજણ છડીંધા સાથ.

*

### હરોરે

જોબન વિમેં તો જરીજરી,
મિંજ ગઢપણ તો ગરો રે,
ડિસીને ગઢપણ જો ઘાટ,
મૂંજો હીયું વિઠો હરોરે.

*

### સોબત

જોગી કડેં ભોગી ન થીયે,
ભલે અચી છણી પૅ આફત.
મોત અચે તાંઈ મૂર ન છડે,
ઍડી સાંઈ સે વેતી સોબત.

*

### મચેં

ડિસીને ચુપ કીં રોવા જે યાર
નામીએં તે નાધાન તા નચેં,
માલક જે મિઠે મેધાનમેં,
''અગમ'' મુઠો ડીંધલ તા અજ મચેં.

*

### હીયેંમેં

આંઝણ આંઝે સેં નૅણ ન ઠરેં,
અલખ આંઝે ગિન અખમેં,
નૂર નજર જો રોંધો નામી,
''અગમ'' હેજ અચી વેંધો હીયેં મેં.

*

### પિંઢ

હરી જા સરનામાં અંઈ હીયેં મેં,
બાર જા બાંયણા કર ભંધ.
ન્યારે ગિન તૉજી મોલાત મેં,
''અગમ'' પિર ભૂડો વિકો આય પિંઢ.

*

### ધમાલ

કિડાં વ્યા ઉ કચ્છડે જા કમાઙ,
જેન્જી કરામત મેં વીં કમાલ
સુઞીં થિઈ વિઈ કચ્છજી ધરા,
હાંણે ધઉસ કરીએંતા ધમાલ.

*

### હલેતી

સતસંઘ ને સાધૂજી સલા,
આજ પાં વિટે પાણી ભરેતી
ધાધ નતા ડિયું ધીંગેં કે પણ.
એઙી પાંજી હકલ હલેતી.

*

**ઉંઅ**

ધુનિયાં મેં ઉંઅ કેંજી મટે નતી
મોય પુઠીયા પણ પાણી મંડે તી
પિંઢજી અધૂરી આસ છડે કરે,
પુઠલેં કે પીડ઼ા મેં વિજધી વિએંતી.

*

**સતા મથે**

સેતાન વિઠા અઈં સતા મથે
ને સોડ઼ી મેં અચી વ્યા સજણ
ભાઈચારો બરીને થ્યો ભિસમ,
''અગમ'' હાંણે ગુંઢેંજી ગજેતી ગજણ.

*

**જીયણ**

માડૂ મૉજ સેં જીયે પણ કીં?
જડણ જે તો જગ મેં જીયણ
ખિલ ન રિઈ કિતે ખુસીજી,
ન રેયો કિત પ્રેમજો પીયણ.

*

**નૉરા**

ડોરો હિકડ઼ો નેં મણિયાં બોરા,
હિકડ઼ા ખટા ને બ્યા ખૉરા,
મિઠેંજો કિતે નતો રૅ માન
''અગમ'' નામીએં કે વિજેંતા નૉરા.

**– આસમલ ધુલિયા ''અગમ''**
મોઃ ૮૮૬૬૬૦૪૦૦૬

***

**Blue Vintage Cycle**

Revisiting the lanes,
Watching from up in the planes
Child hood is still alive there,
Belongs my heart & soul where,
Small houses & big dreams,
Each day shone with sun beams.
Smiles & giggles around,
Evergreen nature green surround.
Playing the game of cricket,
We always waited for a wicket.
Sachin was our HERO
We teased our friends who got out at zero
I still have that blue vintage cycle,
which was gifted by my Uncle
I have painted in my heart, the memories of that day
When me & my friend bunny rode on
Blue vintage cycle for cricket play.

**- Bijal Monik Shah**
Moti Khakhar
M: 9699942763

*

**Poems, Poets & Poetries**

Poetires are not always sad,
Poets are not mad,
Their rhymes are not al all bad.

Poems are sometimes funny,
Sometimes sunny
Or sometime for someone's honey.

Rules of grammer are illogical
Poems are sometimes lyrical
That makes the words magical.

The work of poets they embrace,
write with their utter grace,
It's not verytime about the race!

Poems have deeper meanings than we think,
It cannot be understood without a deep sink,
Once you like, you will read without a single
eye blink.

Nature, woman & sorrows are favourite
elements,
Poems do have hidden secrets,
We need to espy different facets.

Poems have few words,
which are not less than sowrds,
That's why poems are most preferred
Poems add glory,
To a boring story,
with a very rich vocabulary.
Giving readers beautiful imaginary.

**- Bijal Monik Shah**
Moti Khakhar
M: 9699942763

***

# વાત છે મારી-તારી-આપણી

આ વિભાગમાં સ્વાનુભવની ઘટનાઓ-પ્રસંગો, ઈતિહાસમાંથી સાંપડેલી પ્રેરક હકીકતો, વિજ્ઞાનનું અવનવું વિગેરે પ્રસિદ્ધ કરવામાં આવે છે. આપનું મુદ્દાસર, ટૂંકાણમાં શબ્દાંકિત થયેલું લેખન આવકાર્ય છે.

## અને પ્રભુ મરક્યા

**શાન્તા ધનજી ગાલા**

તે દિવસે ફિલ્મ-સંગીતની મહેફિલનું સૂત્ર સંચાલન કરતા ગુણેકાકાએ શરૂઆત કરી, ''મહેરબાની કરી સૌ પોતના કર્ણપિશાચને કાબૂમાં રાખજો.'' એક ક્ષણ હું ચમકી પણ તરત જ સ્મિત ફેલાઈ ગયું મારા ચહેરા પર. ગુણેકાકાએ મોબાઈલ માટે કેટલો સંતર્પક શબ્દ વાપર્યો હતો. દબાવતંત્રમાંથી સ્પર્શતંત્રમાં પ્રવેશતાં એની આંતરજાળે આબાલવૃદ્ધને એવા ભરડામાં લઈ લીધા છે કે થોડા ઘણા જ એની માયાજાળમાં ફસાતા રહી ગયા હશે. જ્યાં જુઓ ત્યાં એ લોકોના કાન પર હોય અથવા લોકોની અંગુલીઓ એની પર નર્તન કરતી હોય. છતાંય એ તો માનવું જ રહ્યું કે જો મનુષ્ય-પ્રાણી સ્માર્ટ ફોનને એના વશમાં રાખે તો એના જેવો વિશ્વાસુ સાથી અને સાચુકલો માર્ગદર્શક કોઈ નહિ.

સ્માર્ટ ફોનને વશ થઈ ગયેલ વ્યક્તિના બે પ્રસંગો કથન કરવાનો મોહ થાય છે.

પર્યુષણના દિવસો હતા, મોડી સાંજે આંગી નિહાળવા હું દેરાસર જવા નીકળી. દેરાસરને જોડીને હોલ છે જ્યાં સ્ત્રીઓનું પ્રતિક્રમણ ચાલુ હતું. હું હોલની સમીપ પહોંચી રહી છું તેવામાં કાંબળી ઓઢેલી એક યુવતી હોલની બહાર નીકળી, કંપાઉંડ વોલનો ટેકો લઈ મોબાઈલ પર બિનધાસ્ત વાતો કરવા લાગી. થોડી નવાઈ લાગી મને તે સ્ત્રીના વર્તન પર. પણ હશે, વધુ વિચાર કર્યા વગર મેં મંદિર પ્રવેશ કર્યો. દશ-બાર મિનિટો અંદર વિતાવી હું બહાર નીકળી તો હજીયે તે વ્યક્તિ મોબાઈલ પર વ્યસ્ત હતી. કેવી આશ્ચર્યની વાત!! કાંબળીની ઓથે, ધાર્મિક ક્રિયાને બહાને, ધર્મસ્થળે જ એ યુવતી નક્કી કાંઈ અજુગતું કરી રહી હતી. કર્ણપિશાચ સવાર હતો એની ઉપર.

બે-એક દિવસ બાદ વળી એક અનુભવ થયો. ગર્દી ટાળવા બપોરે સાડા-બાર-એક દરમ્યાન હું મંદિરે પહોંચી. કોઈ જ નહોતું એટલે હા.. શ કરતી દર્શન કરી ચૈત્યવંદન કરતી હતી. તેવામાં એક નવયુવક સ્માર્ટ ફોન જોતો જોતો જ અંદર પ્રવેશ્યો. જેવો પ્રભુ સન્મુખ થયો મોબાઈલ ગજવામાં મૂકી માથું નમાવ્યું. ચાર-છ સેકંડ હોઠ હલાવી તરત મોબાઈલ કાઢી તેમાં નજર પરોવી પ્રદક્ષિણા માર્ગ તરફ વળ્યો. પાછો જેવો ગંભારા સામે આવ્યો કે મોબાઈલ ખીસામાં મૂકી ક્ષણાર્ધ પ્રભુ સામે માથું નમાવી વીજળીની ઝડપે ખીસામાંથી મોબાઈલ કાઢી ધીમે પગે પ્રદક્ષિણા મારી. આવી રીતે સાચા સાથીના સહારે ત્રણ પ્રદક્ષિણા મારી મોબાઈલને ખીસામાં સંભાળતાં સંભાળતાં ત્રણ ખમાસણાયે દીધા. અને તરત મોબાઈલમાં લીન થઈ આસ્તે કદમ બહાર નીકળી ગયો.

યાંત્રિકપણે હું સૂત્ર ગણગણતી હતી પણ મારું ધ્યાન તો પેલા યુવકની દર્શનક્રિયામાં ખોવાયેલું હતું. છોભીલી પડી મેં પ્રભુ સામે નજર માંડી તો મને લાગ્યું પ્રભુનાં ચક્ષુઓ મારી સામે માર્મિક મરકી રહ્યાં છે.

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ
